

૬૮ ❋ પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેન ❋ ૬૮

વિદેહી વિભૂતિ મહાન ભરતે પાય ધરે;
મા 'તેજ' તણે દરબાર 'ચંપા' પુષ્પ ખીલે.

ઓગસ્ટ ૧૯૮૧ * આત્મધર્મ * [ ૪૫૪ ] * વર્ષ : ૩૮ અંક : ૨



હે માતા ! પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રકાશેલા આત્મ-પથ પર અમ બાળકો પ્રયાણ કરતા રહીએ તે માટે આપની પ્રેરણા નિરંતર મળતી રહે એવી આજના ૬૮ મી જન્મજયંતીના પાવન દિને ભાવના ભાવીએ છીએ.

વાર્ષિક લવાજમ રૂપિયા નવ
વર્ષ ૩૮
અંક ૨
[ ૪૫૪ ]

વીર સંવત ૨૫૦૭
A.D. 1981
AUG.





શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## 卐 મનુષ્યજીવનમાં કરવા યોગ્ય.... 卐

આ ચૈતન્યતત્ત્વને ઓળખવું, ચૈતન્યને ઓળખવાનો અભ્યાસ કરવો, ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો—એ જ કરવાનું છે, એ અભ્યાસ કરતાં કરતાં આત્માની રાગાદિથી ભિન્નતા ભાસે તો આત્માનું સ્વરૂપ પ્રાપ્ત થાય. આત્મા ચૈતન્યતત્ત્વ છે, જ્ઞાયકસ્વરૂપ છે—એને ઓળખવો. જીવને એવો ભ્રમ છે કે પરદ્રવ્યનું હું કરી શકું છું. પોતે પરપદાર્થમાં કાંઈ કરી શકતો નથી. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. પોતે જાણનારો છે, જ્ઞાયક-જ્ઞાતા છે. પરપદાર્થમાં એનું જ્ઞાન જતું નથી, પરમાંથી કાંઈ આવતું નથી. એ સમજવા માટે દેવ–ગુરુ–શાસ્ત્રાદિક બાહ્ય નિમિત્તો હોય છે, પણ જ્ઞાન-દર્શન–ચારિત્ર બધું જે પ્રગટે છે તે પોતામાંથી જ પ્રગટે છે. એ મૂળતત્ત્વને ઓળખવું તે જ કરવાનું છે. બીજું બહારનું તો અનંત કાળમાં ઘણું કર્યું છે. શુભભાવની બધી ક્રિયાઓ કરી, શુભભાવમાં ધર્મ માન્યો;....પણ ધર્મ તો આત્મામાં જ છે. શુભ તો વિભાવ છે, આકુળતારૂપ છે, દુઃખરૂપ છે. એમાં ક્યાંય શાંતિ નથી. જોકે શુભભાવ આવ્યા વિના રહેતો નથી તોપણ ત્યાં શાંતિ તો નથી જ. શાંતિ હોય, સુખ હોય–આનંદ હોય એવું તત્ત્વ તો ચૈતન્ય જ છે. નિવૃત્તિમય ચૈતન્યપરિણતિમાં જ સુખ છે, બહાર ક્યાંય સુખ છે જ નહિ. માટે ચૈતન્યતત્ત્વને ઓળખીને તેમાં ઠરવાનો પ્રયાસ કરવો તે જ ખરું શ્રેયરૂપ છે. તે મનુષ્યજીવનમાં કરવા યોગ્ય—હિતરૂપ—કલ્યાણરૂપ એક જ છે.—એમ પૂજ્ય ગુરુદેવશ્રી કહી ગયા છે, એ માર્ગ છે.

—પૂજ્ય બહેનશ્રી ચંપાબેન







પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની


## પાવનકારી ૬૮ મી જન્મજયંતી પ્રસંગે

'બહેનશ્રીનાં વચનામૃતો'માંથી વીણેલાં ૬૮ રત્નો

૧. તું અંદરમાં ઊંડો ઊંડો ઊતરી જા, તને નિજ પરમાત્માનાં દર્શન થશે. ત્યાંથી બહાર આવવું તને ગમશે જ નહિ.


૨. મુનિઓને અંતરમાં પગલે પગલે—પુરુષાર્થની પર્યાયે પર્યાયે પવિત્રતા ઝરે છે.

૩. દ્રવ્ય તેને કહેવાય કે જેના કાર્ય માટે બીજાં સાધનોની રાહ જોવી ન પડે.










૪. ભેદજ્ઞાનના લક્ષે વિકલ્પાત્મક ભૂમિકામાં આગમનું ચિંતવન મુખ્ય રાખજે. વિશેષ શાસ્ત્રજ્ઞાન માર્ગની ચૌદિશા સૂઝવાનું કારણ બને છે; તે સતમાર્ગને સુગમ કરે છે.

૫. જીવને જેમ પોતામાં થતાં સુખ-દુઃખનું વેદન થાય છે તે કોઈને પૂછવા જવું પડતું નથી, તેમ પોતાને સ્વાનુભૂતિ થાય છે તે કોઈને પૂછવું પડતું નથી.

૬. અંતરનો અજાણ્યો માર્ગ; અંતરમાં શી ઘટમાળ ચાલે છે, તે આગમ ને ગુરુની વાણીથી જ નક્કી કરી શકાય છે.

૭. સાધક દશાની સાધના એવી કર કે જેથી તારું સાધ્ય પૂરું થાય.

૮. શુદ્ધ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ કરીને તથા અશુદ્ધતાને ખ્યાલમાં રાખીને તું પુરુષાર્થ કરજે, તો મોક્ષ પ્રાપ્ત થશે

૯. તું વિચાર કર, તારા માટે દુનિયામાં શી આશ્ચર્યકારી વસ્તુ છે? કોઈ નહીં;—એક આત્મા સિવાય.

૧૦. શુદ્ધાત્માને જાણ્યા વગર ભલે ક્રિયાના ઢગલા કરે, પણ તેનાથી આત્મા જાણી શકાતો નથી; જ્ઞાનથી જ આત્મા જાણી શકાય છે.


૧૧. દૃષ્ટિ પૂર્ણ આત્મા ઉપર રાખી તું આગળ જા તો સિદ્ધ ભગવાન જેવી દશા થઈ જશે

૧૨ દ્રવ્ય સૂક્ષ્મ છે; માટે ઉપયોગને સૂક્ષ્મ કર તો સૂક્ષ્મ દ્રવ્ય પકડાશે.

૧૩. સાધના કરનારને કોઈ સ્પૃહા હોતી નથી. મારે બીજું કાંઈ

જોઈતું નથી, એક આત્મા જ જોઈએ છે.







૧૪. તારા ચિત્તમાં બીજો રંગ સમાયેલો છે, ત્યાંસુધી આત્માનો રંગ લાગી શકતો નથી, બહારનો બધો રસ છૂટી જાય તો આત્મા—જ્ઞાયક-દેવ પ્રગટ થાય છે.

૧૫. જો તારે જન્મ-મરણનો નાશ કરી આત્માનું કલ્યાણ કરવું હોય તો આ ચૈતન્યભૂમિમાં ઊભો રહીને તું પુરુષાર્થ કર; તારાં જન્મ-મરણનો નાશ થઈ જશે.





૧૬. આચાર્યદેવ કરુણાથી કહે છે: તું મુક્તસ્વરૂપ આત્મામાં નિઃસ્પૃહપણે ઊભો રહે. મોક્ષની સ્પૃહા અને ચિંતાથી પણ મુક્ત થા. તું સ્વયમેવ સુખરૂપ થઈ જઈશ






૧૭. જ્ઞાની દ્રવ્યના આલંબનના બળે, જ્ઞાનમાં નિશ્ચય-વ્યવહારની મૈત્રીપૂર્વક, આગળ વધતો જાય છે અને ચૈતન્ય પોતે પોતાની અદ્ભુતતામાં સમાઈ જાય છે.



૧૮. બહારના રોગ આત્માની સાધક દશાને રોકી શકતા નથી, આત્માની જ્ઞાનધારાને તોડી શકતા નથી.








૧૯. પોતાની જિજ્ઞાસા જ માર્ગ કરે છે. શાસ્ત્રો સાધન છે, પણ માર્ગ તો પોતાથી જ જણાય છે. પોતાની ઊંડી તીવ્ર રુચિ અને સૂક્ષ્મ ઉપયોગથી માર્ગ જણાય છે

૨૦. જેને ગુણરત્નોથી ગૂંથાયેલો આત્મા મળી જાય, તેને આ તુચ્છ વિભાવોથી શું પ્રયોજન!



૨૧. જે ખૂબ થાકેલો છે, દ્રવ્ય સિવાય જેને કાંઈ જોઈતું જ નથી, જેને આશા–પિપાસા છૂટી ગઈ છે, દ્રવ્યમાં જે હોય તે જ જેને જોઈએ છે, તે સાચો જિજ્ઞાસુ છે.

૨૨. જેમ ભક્તને ભગવાન માંડમાંડ મળ્યા હોય તો તેને મૂકવા ન ગમે, તેમ 'હે ચેતન' 'હે જ્ઞાયક' એમ વારંવાર અંદર થયા કરે, તે તરફ જ રુચિ રહ્યા કરે; 'હું તો હાલું–ચાલું ને પ્રભુ સાંભરે રે' એવું વર્ત્યા કરે.

૨૩. અનંત કાળમાં ચૈતન્યનો મહિમા ન આવ્યો, વિભાવની તુચ્છતા ન લાગી, પરથી અને વિભાવથી વિરક્તતા ન થઈ, માટે માર્ગ મળ્યો નહિ.

૨૪. પંચમકાળ છે એટલે બહાર ફેરફાર થાય, પણ જેને આત્માનું કરવું છે તેને કાળ નડતો નથી.

૨૫. 'શુભાશુભ ભાવથી જુદો, હું જ્ઞાયક છું' તે દરેક પ્રસંગમાં યાદ રાખવું. ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો તે જ મનુષ્ય જીવનની સાર્થકતા છે.

૨૬. પરથી વિરક્તતા નથી, વિભાવની તુચ્છતા લાગતી નથી, અંદર એટલી તાલાવેલી નથી; કાર્ય ક્યાંથી થાય? અંદર તાલાવેલી જાગે તો કાર્ય થયા વિના રહે જ નહિ.

૨૭. કોઈ એવા આળસુ હોય કે જે સૂતા હોય તો બેઠા થાય નહીં અને બેઠા હોય તો ઊભા થવાની આળસ કરે, તેમ તાલાવેલી વિનાના આળસુ જીવો 'કાલ કરીશ, કાલ કરીશ' એમ મંદપણે વર્તે છે; ત્યાં કાલની આજ થાય નહિ ને જીવન પૂરું થઈ જાય.






૨૮. જે જીવને સંસારનો તાપ લાગ્યો હોય અને સતની તીવ્ર પિપાસા જાગી હોય, તે સતની પ્રાપ્તિ માટે ઉગ્ર પ્રયત્ન કરે છે.

૨૯. વિચાર, મંથન બધું વિકલ્પરૂપ જ છે. તેનાથી જુદું વિકલ્પાતીત એક ટકતું જ્ઞાયક તત્ત્વ તે આત્મા છે.

૩૦. 'હું આ જ્ઞાયક જુદો' એવું નિરંતર ઘૂંટણ રહે, તે પણ સારું છે પુરુષાર્થની ઉગ્રતા અને તે જાતનો ઉપાડ હોય તો માર્ગ નીકળે જ. પહેલાં વિકલ્પ તૂટતો નથી પરંતુ પહેલાં પાકો નિર્ણય આવે છે.



૩૧. સ્વભાવ શાન્તિ અને નિવૃત્તિરૂપ છે, શુભાશુભ વિભાવભાવોમાં આકુળતા અને પ્રવૃત્તિ છે; તે બન્નેને મેળ ન જ ખાય


૩૨. બહારના બધાં કાર્યમાં સીમા–મર્યાદા હોય. અમર્યાદિત તો અન્તર્જ્ઞાન અને આનંદ છે. ત્યાં સીમા–મર્યાદા નથી. અંદરમાં—સ્વભાવમાં મર્યાદા હોય નહિ.

૩૩. અંદરમાં જ્ઞાની કયાં રહે છે, શું કરે છે, તે જ્ઞાની પોતે જ જાણે છે. બહારથી જોનાર માણુસોને જ્ઞાની બહારમાં કાંઈક ક્રિયાઓ કરતા કે વિકલ્પોમાં જોડાતા દેખાય, પણ અંદરમાં તો તેઓ કયાંય ઊંડે ચૈતન્ય-લોકમાં વિચરતા હોય છે.


૩૪. દ્રવ્ય તો અનંત શક્તિનો ધણી છે, મહાન છે, પ્રભુ છે. તેની પાસે સાધકની પર્યાય પોતાની પામરતા સ્વીકારે છે.

૩૫. પોતે પરથી ને વિભાવથી જુદાપણાનો વિચાર કરવો. એકતાબુદ્ધિ








તોડવી તે મુખ્ય છે. એકત્વ તોડવાનો હેતુ હેતુ અભ્યાસ કરવો.

૩૬. આ તો તે અનાદિનો પ્રવાહ બદલવાનો છે. અઘરું કામ તો છે, પણ અંતે જ કરવાનું છે. બહારની કંઈ શા કામની ? કંઈ તો પોતાના આત્મતત્ત્વની સેવાની છે.

૩૭. દ્રવ્ય સદા નિર્વિકલ્પ છે. પર્યાયમાં પણ નિર્વિકલ્પ રહેવા જેવું છે. ક્યાંય જોડાવું નહિ, ખેંચાવું નહિ—ક્યાંય રાગ આદિ કરવો નહિ.

૩૮. ચૈતન્યની ઊંડી ભાવના તો અન્ય ભવમાં પણ ચૈતન્યની સાથે આવે છે. આત્મા તો શાશ્વત પદાર્થ છે ને ?



૩૯. વસ્તુસ્વરૂપ સમજીને 'હું તો જ્ઞાયક છું', એવી લગની લાગે તો જ્ઞાયકની સાથે તદાકારતા થાય.

૪૦. જે વખતે જ્ઞાનીનું પરિણમન બહાર દેખાય તે જ વખતે તેને જ્ઞાયક જુદો વર્તે છે.

૪૧. જ્ઞાનીને વિભાવમાં કદી એકત્વપરિણમન થતું નથી. જ્ઞાની સદા કમળની જેમ નિર્લેપ રહે છે, વિભાવથી ભિન્નપણે ઉપર તરતા તરતા રહે છે.

૪૨. જ્ઞાનીને તો એવી જ ભાવના હોય છે કે અત્યારે જ પુરુષાર્થ ઉપડે તો અત્યારે જ મુનિ થઈ કેવળ પામીએ.

૪૩. જ્ઞાની બહારના ભક્તિ-શાસ્ત્ર-સ્વાધ્યાય આદિ પ્રસંગોમાં ઉલ્લાસ-પૂર્વક જોડાતા દેખાય પણ તેમની સાધકધારા તો અખંડપણે અંદર છૂટી જ કાર્ય કર્યાં કરે છે.








૪૪. જોકે દૃષ્ટિ-અપેક્ષાએ સાધકને કોઈ પર્યાયનો કે ગુણભેદનો સ્વીકાર નથી તોપણ તેને સ્વરૂપમાં ઠરી જવાની ભાવના તો વર્તે છે.

૪૫. રાગાંશરૂપ બહિર્મુખતા જ્ઞાનીને દુ:ખરૂપ વેદાય છે અને વીતરાગતા—અંશરૂપ અંતર્મુખતા સુખરૂપે વેદાય છે. જે આંશિક બહિર્મુખ-વૃત્તિ વર્તતી હોય તેનાથી સાધક ન્યારો ને ન્યારો રહે છે.

૪૬. દ્રવ્ય તો સૂક્ષ્મ છે, તેને પકડવા સૂક્ષ્મ ઉપયોગ કર. પાતાળ-કૂવાની જેમ દ્રવ્યમાં ઊંડો ઊતરી જા તો અંદરથી વિભૂતિ પ્રગટે. દ્રવ્ય આશ્ચર્યકારી છે.


૪૭. જ્ઞાની જીવ નિ:શંક તો એટલો હોય કે આખું બ્રહ્માંડ ફરે તોપણ પોતે ફરે નહિ; વિભાવના ગમે તેટલા ઉદય આવે તોપણ ચલિત થાય નહિ.

૪૮. વસ્તુ સ્વત:સિદ્ધ છે. તેનો સ્વભાવ તેને અનુકૂળ હોય, પ્રતિ-કૂળ ન હોય. સ્વત:સિદ્ધ આત્મવસ્તુનો દર્શનજ્ઞાનરૂપ સ્વભાવ તેને અનુકૂળ છે, રાગ-દ્વેષરૂપ વિભાવ પ્રતિકૂળ છે.

૪૯. પરિભ્રમણ કરતાં અનંત કાળ વીત્યો. તે અનંત કાળમાં જીવે 'આત્માનું કરવું છે' એવી ભાવના તો કરી પણ તત્ત્વરુચિ અને તત્ત્વ-મંથન કર્યું નહિ.

૫૦. જીવ રાગ અને જ્ઞાનની એકતામાં ગૂંચવાઈ ગયો છે. નિજ અસ્તિત્વને પકડે તો ગૂંચવણ નીકળી જાય. 'હું જ્ઞાયક છું' એવું અસ્તિત્વ ખ્યાલમાં આવવું જોઈએ.











૫૧. ભગવાનનાં પ્રતિમા જોતાં એમ થાય કે અહો! ભગવાન કેવા ઠરી ગયા છે! કેવા સમાઈ ગયા છે! ચૈતન્યનું પ્રતિબિંબ છે! તું આવો જ છો!

૫૨. તું તને જો; જેવો તું છો તેવો જ તું પ્રગટ થઈશ. તું મોટો દેવાધિદેવ છો. તેની પ્રગટતા માટે ઉગ્ર પુરુષાર્થ અને સૂક્ષ્મ ઉપયોગ કર.



૫૩. જેને આત્મા પોષાય છે તેને બીજું પોષાતું નથી અને તેનાથી આત્મા ગુપ્ત—અપ્રાપ્ય રહેતો નથી. જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય? જરૂર પ્રાપ્ત થાય જ.


૫૪. જીવે પોતાને પર અને વિભાવરૂપ માની લીધો છે પણ જીવનું મૂળ સ્વરૂપ બતાવનાર ગુરુની વાણી સાંભળતાં તે જાગી ઊઠે છે–'હું તો જ્ઞાયક છું' એમ સમજી જાય છે અને જ્ઞાયકપણે પરિણમી જાય છે.

૫૫. ચૈતન્યલોક અદ્ભુત છે. તેમાં ઋદ્ધિની ન્યૂનતા નથી. રમણીયતાથી ભરેલા આ ચૈતન્યલોકમાંથી બહાર આવવું ગમતું નથી.

૫૬. જેમ ગોસળિયાએ કાંડે બાંધેલા દોરા તરફ નજર કરી પોતાને જુદો ઓળખી લીધો, તેમ 'જ્ઞાનદોરા' તરફ યથાર્થ લક્ષ કરી 'હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું' એમ પોતાને જુદો ઓળખી લેવાનો છે

૫૭ માર્ગ કાપવામાં સજ્જન સાથીદાર હોય તો માર્ગ સરળતાથી કપાય છે. પંચ પરમેષ્ઠી સર્વોત્કૃષ્ટ સાથીદાર છે. આ કાળે આપણને ગુરુદેવ ઉત્તમ સાથીદાર મળ્યા છે.



૫૮. ખંડખંડરૂપ જ્ઞાનનો ઉપયોગ પણ પરવશપણું છે. પરવશ તે દુઃખી છે; સ્વવશ તે સુખી છે.




૫૯. દ્રવ્યદૃષ્ટિ શુદ્ધ અંતઃતત્ત્વને જ અવલંબે છે. નિર્મળ પર્યાય પણ બહિઃતત્ત્વ છે, તેનું અવલંબન દ્રવ્યદૃષ્ટિમાં નથી.

૬૦. પોતાનો મહિમા જ પોતાને તારે. બહારનાં ભક્તિ-મહિમાથી નહિ પણ ચૈતન્યની પરિણતિમાં ચૈતન્યના નિજ મહિમાથી તરાય છે.




૬૧. મુનિરાજ વંદના-પ્રતિક્રમણ આદિમાં માંડ માંડ જોડાય છે. કેવળજ્ઞાન થતું નથી માટે જોડાવું પડે છે. ભૂમિકા પ્રમાણે તે બધું આવે છે પણ સ્વભાવથી વિરુદ્ધ હોવાને લીધે ઉપાધિરૂપ લાગે છે.




૬૨. આત્માર્થીને અનેક પ્રકારે વિચારો આવે છે. પણ તેના નિમિત્તે ઊપજતી સમ્યક્ પ્રતીતિનો તો એક જ પ્રકાર હોય છે. પ્રતીતિ માટેના વિચારોના સર્વ પ્રકારોમાં 'હું જ્ઞાયક છું' તે પ્રકાર મૂળભૂત છે.




૬૩. દ્રવ્યદૃષ્ટિ કરતાં પર્યાયમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર આવી જ જશે. કૂવો ખોદ તો પાણી આવશે જ, લેવા જવું નહીં પડે. ચૈતન્યપાતાળ ફૂટતાં શુદ્ધ પર્યાયનો પ્રવાહ એની મેળે જ ચાલુ થશે.

૬૪. જેને થોડી પણ શાન્તિનું વેદન વર્તી રહ્યું છે એવો જ્ઞાની જીવ દાહથી અર્થાત્ રાગથી દૂર ભાગે છે અને શીતળતા તરફ ઢળે છે.


૬૫. કર્મભૂમિના મનુષ્યો રાંધી ખાય ત્યાં પણ આકુળતા અને દેવોને




અમી ઝરે ત્યાં પણ આકુળતા જ છે. છ ખંડને સાધનારા ચક્રવર્તીના રાજ્યમાં પણ આકુળતા છે.


૬૬. મુનિદશાની શી વાત! મુનિઓ તો પ્રમત્ત–અપ્રમત્તપણામાં સદાય ઝૂલનારા છે! તેમને તો સર્વગુણસમ્પન્ન કહી શકાય!

૬૭ ક્યાંય રોકાયા વિના 'જ્ઞાયક છું' એમ વારવાર શ્રદ્ધા અને જ્ઞાનમાં નિર્ણય કરવાનો પ્રયત્ન કરવો. જ્ઞાયકનું લક્ષણ કર્યા કરવું.

૬૮ બહારના ગમે તેવા સંયોગમાં ધર્મ ન છોડવો. ચૈતન્ય તરફની રુચિ ન છોડવી. ધર્મ કે રુચિ છૂટે તો અમૂલ્ય મનુષ્યભવ હારી ગયા.





# મુક્તિનો ઉપાય : નિજને નિજરૂપ જાણ

[ શ્રી યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૯-૬-૬૬ ]

આ યોગીન્દ્રદેવ કૃત યોગસાર છે. જેમણે પરમાત્મપ્રકાશ બનાવ્યું છે તેમણે જ આ યોગસાર બનાવ્યું છે. બહિરાત્માની વ્યાખ્યા થોડી આવી ગઈ હવે અહીં વિસ્તારથી કહે છે.

બહિરાત્મા પરને પોતારૂપ માને છે :—

દેહાદિક જે પર કહ્યાં, તે માને નિજરૂપ;
તે બહિરાતમ જિન કહે, ભમતો બહુ ભવકૂપ. ૧૦.

આ આત્મા શુદ્ધ ચૈતન્ય અખંડ અભેદ વસ્તુ-પદાર્થ છે. તેને છોડીને શરીર, ઘર, ધન, ધાન્ય મકાન, આબરૂ, કીર્તિ, શરીરની ક્રિયા કે અંદરમાં પુણ્ય-પાપના ભાવ એ બધા મારા છે એમ માને છે તે બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. જ્ઞાન આનંદ આદિ ત્રિકાળી શુદ્ધ સ્વરૂપમાં જે નથી એવા શુભાશુભ વિકલ્પો ચાર ગતિ, લેશ્યા, છકાય, કષાય આદિ ભાવો પરભાવ છે, તે આત્માનો સ્વભાવ નથી. શરીરથી માંડીને રાગની મંદતા તીવ્રતાના શુભાશુભભાવ એ બધા આત્માથી બાહ્ય છે.

શાસ્ત્રમાં આનંદસ્વરૂપ અભેદ આત્માથી દયા-દાન-વ્રત કે હિંસા-કષાય-ગતિ આદિ ભાવોને બાહ્યભાવો કહ્યાં છે. એવા બાહ્યભાવોને જે આત્મા માને તેને અહીં મિથ્યાદૃષ્ટિ બહિરાત્મા મૂઢ કહ્યો છે. અખંડ જ્ઞાનાનંદમૂર્તિ આત્મા સિવાયના જે કોઈ બહિરભાવો મારા છે, શ્રાવકના છ પ્રકારના વ્યવહાર કર્તવ્યના ભાવો એ શુભ રાગ છે ને પંચમહાવ્રતાદિનું આચરણ એ મુનિનો શુભ રાગ છે, એ આચરણ મારું છે, એ આચરણથી મારું હિત થાય એમ માનનાર બહિર્દૃષ્ટિ છે, મિથ્યાદૃષ્ટિ છે, અંતર્દૃષ્ટિ નથી.—એમ સર્વજ્ઞ પરમેશ્વર કહે છે.

જ્ઞાનીને શુભ આચરણના એવા ભાવ તો હોય છે ને?-કે હોય છતાં તેને પોતાનું સ્વરૂપ જાણતો નથી, તેનાથી હિત માનતો નથી. શ્રાવક અને મુનિના આચરણના ભાવથી જે લાભ માને તે બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ છે. શુભ-આચરણ મારું સ્વરૂપ છે અથવા તે મારા કલ્યાણનું સાધન છે એમ માને તે મિથ્યાદૃષ્ટિ છે. પરમાર્થે વ્યવહાર આવશ્યક, શુભ વિકલ્પ વૃત્તિ એ બધા પર છે, વિભાવ છે, વિકાર છે, સદોષ છે.

ઉદયના ૨૧ બોલમાંથી કોઈ બોલ આત્માનો માને તે બહિરબુદ્ધિ મિથ્યાદૃષ્ટિ છે.

વસ્તુસ્વરૂપની દૃષ્ટિએ એ બધા બહિરભાવ છે યોગીન્દ્રદેવ એમ કહે છે કે દેહ, શરીર, વાણી, મન, કર્મ, ધન, ધાન્ય, લક્ષ્મી, સ્ત્રી, પુત્ર એ બધા ભગવાન આત્માથી જુદી ચીજ છે. અંદરમાં જે શુભ પરિણામ ઊઠે છે, જેને શાસ્ત્રમાં વ્યવહાર આચરણ કહ્યું એવા જે શુભ–આચરણના ભાવ તે પણ ખરેખર બહિરભાવ છે. કેમ કે તે અંતર સ્વભાવમાં છે નહીં ને અંતર સ્વભાવમાં રહેતા નથી. જ્ઞાનાચાર, દર્શનાચાર આદિના વિકલ્પ તે શુભ આચરણના ભાવ વિભાવ છે. તે જ્ઞાનાનંદ સ્વરૂપમાં નથી ને પૂરણ જ્ઞાનાનંદની પ્રાપ્તિ થાય ત્યારે રહેતા નથી માટે તે બહિરભાવો છે.

એક સમયમાં અખંડ આનંદકંદ અભેદ ચિદાનંદની મૂર્તિને આત્મા તરીકે જાણે ત્યારે સમ્યગ્જ્ઞાન ને સમ્યગ્દર્શન થાય. જેવો એનો સ્વભાવ છે તેવો એનો સ્વીકાર કરવો એ તો સમ્યગ્દર્શન છે. પણ એવો આત્મા ન માનતાં, આત્માથી બાહ્ય ચીજ વિકલ્પ આદિ કે જે એનામાં નથી, ઉત્પન્ન થાય છતાં તેના સ્વભાવમાં રહેતી નથી ને તેના સ્વભાવને સાધનરૂપે મદદ કરતી નથી—એવા દયા–દાન–વ્રત ભક્તિ–પૂજાના શુભ વિકલ્પ છે, તેને સ્વભાવ માને કે વિભાવને સ્વભાવનું સાધન માને કે મારી ચીજમાં એ છે એમ માને તે બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ છે.

શુભભાવ, તેનાથી બંધાયું પુણ્ય ને તેનું ફળ આ રૂપિયા બે–પાંચ હજારનો પગાર—એ ત્રણે મને મળે કે એ મારા છે—એમ માનવું તે મૂઢતા છે. પુણ્યના પરમાણુઓ, પુણ્યના ભાવ અને એના ફળની બહારની વિચિત્રતાના ભભકે પોતે વધ્યો એમ માનનારો મૂઢ છે એમ અહીં કહે છે.

'લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો?
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો!'

શું વધ્યું? તું વધ્યો કે ગૂમડાં વધ્યા?—એનાથી હું વધ્યો એમ માનવું તે બહિરાત્મબુદ્ધિ છે.

એક શેઠને આખા શરીરે સોપારી જેવા ગૂમડા હતાં, મરતાં સુધી રહ્યાં; પણ એ મને થયું છે એમ માનવું તે બહિરાત્મબુદ્ધિ છે. એ ગૂમડાં આત્મામાં થયા નથી, એ તો જડમાં થયા છે. એવી રીતે સુંદરતા, કોમળતા, નમણાઈ વિગેરે જડની દશામાં થતાં મને થયું, હું રૂપાળો છું, હું નમણો છું, હું સુંદર છું,—એ બુદ્ધિ શરીરાદિ પરને પોતાના માનનારની મિથ્યાબુદ્ધિ છે.

નિજ પરમાત્મસ્વરૂપ સચ્ચિદાનંદ સ્વરૂપ જ્ઞાયકમૂર્તિ અખંડાનંદ ધ્રુવ અનાદિ અનંત સ્વભાવથી જેટલા બાહ્યભાવો તેને પોતાના માને, તેનાથી પોતાને લાભ માને, તે મારું

કર્તવ્ય છે એમ માને, તો તેનાથી જુદો કેમ પડે? દયા-દાન-વ્રત-ભક્તિ આદિના શુભભાવો તે મારું કર્તવ્ય છે અને હું ખરેખર તેનો રચનારો છું એમ જે માને તે એવા કર્તવ્યને કેમ છોડે? એવા કર્તવ્યને પોતાના માનનાર બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે એમ પરમેશ્વરે કહ્યું છે.

ચૌદમા ગુણસ્થાન સુધી અસિદ્ધભાવ છે, એ બધા અસિદ્ધભાવ, અપૂરણભાવ, મલિનભાવ, વિપરીતભાવ, ખંડખંડભાવ એને પોતાની વસ્તુ માને તેને બહિરાત્મા મૂઢ જીવ કહે છે. ભગવાન આત્મા જ્ઞાયકની મૂર્તિ ચૈતન્યસૂર્ય આનંદનો કંદ એવું સ્વયંસિદ્ધ સ્વતત્ત્વ એને પોતાનું ન માનતા એનાથી બાહ્ય કોઈ પણ વિકલ્પ-વ્યવહાર આચાર, વ્યવહાર ક્રિયા, વ્યવહાર મહાવ્રત, વ્યવહાર શ્રદ્ધા આદિના વિકલ્પ એ બધા વિભાવો મારી ચીજ છે અથવા તેનાથી મારું હિત થશે એમ માનનાર એ વિભાવને જ—એ બાહ્યભાવને જ આત્મા માને છે.

આ તો મહાન સિદ્ધાંત છે એક સ્વ રહી ગયો ને તેનાથી ભિન્ન જે દેહાદિ તેને આત્મા માને અર્થાત્ તેનાથી હિત માને અર્થાત્ ઈ વ્યવહાર આચારને પોતાના સ્વભાવનું સાધન માને, સ્વભાવને ને વિકારને એક માને તે વિકારને જ—દેહાદિને જ આત્મા માને છે. તેની દૃષ્ટિ ચિદાનંદ જ્ઞાયક ઉપર નથી પણ તેની દૃષ્ટિ ખંડ ખંડ આદિ ભાવ ઉપર પડી છે, તે અપંડિત છે. આત્મા જેવો છે તેવો જેણે જાણ્યો ને તેને પંડિત કહ્યો છે, તો તેનાથી વિરુદ્ધ જે વિકલ્પ રાગ આદિને પોતાનું સ્વરૂપ માને તેને અપંડિત કહીયે, મૂરખ કહીયે, બહિરાત્મા કહીયે.

એકકોર શુદ્ધ ધ્રુવ ચૈતન્યસ્વરૂપ પરમાત્મસ્વરૂપ છે, તેને પોતાનો માનવો એ તો ધર્મદશા થઈ પણ એવું એણે અનાદિથી માન્યું નથી, પરન્તુ તેનાથી વિરુદ્ધ જે અલ્પજ્ઞતા, અલ્પ અવસ્થા, પુણ્ય-પાપના વિકલ્પો કે સંયોગી બાહ્ય ચીજ મને હિતકર છે, સાધન છે, મારા છે, એવી માન્યતાવાળાને બહિરાત્મા કહે છે.

મંદિર, પૂજા ને યાત્રાના જે વિકલ્પો છે એ બધા હો ભલે પણ વિભાવ તરીકે હોય છે. એના કાળે હો ભલે પણ મને કાંઈ લાભ કરે છે એમ નથી, છતાં એ ભાવ વ્યવહાર તરીકે આવ્યા વિના રહેતો નથી. જેમ એકરૂપ અખંડ ચૈતન્યવસ્તુ આત્મા છે ને જેમ શરીર આદિ જડરૂપ પદાર્થ પણ છે અને શુદ્ધ ચૈતન્યવસ્તુનું ભાન થતાં જેમ શરીર આદિ બીજી ચીજ કાંઈ વઈ જતી નથી તેમ અંદરમાં પૂરણદશા જ્યાં સુધી પ્રાપ્ત ન થાય ત્યાં સુધી વ્યવહારના ભાવ હોય છે, પણ તે પર તરીકે હોય છે, સ્વ તરીકે ખતવવા માટે હોતા નથી.

શ્રાવકના વ્યવહાર-આચાર ને મુનિના વ્યવહાર-આચરણ મને હિતકર છે એમ માનનારા બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ છે એમ અહીં કહે છે. એ ભાવ હોય છે, આવે છે પણ એ આત્માનું કર્તવ્ય નથી. કમજોરીના કાળમાં એ ભાવ આવે છતાં એ હિતકારી નથી.

હિતકારી નથી તો એ ભાવ લાવે છે શું કામ?–ભાઈ! બાપુ! એ ભાવને લાવતો નથી પણ આવે છે. પરંતુ એ વિકલ્પો આત્માનું કલ્યાણ કરનાર છે કે આત્માનું સ્વરૂપ છે એમ માનવું તે મિથ્યાત્વ છે. મારા સ્વરૂપમાં હું છું ને તે ભાવો મારામાં નથી તેનું નામ અનેકાન્ત કહેવામાં આવે છે.

અનાદિકાળથી પરને પોતાના માનતો આવે છે ને પરને છોડતો નથી એટલે પરમાં–સંસારમાં વારંવાર ભ્રમણ કરતો રહે છે. આત્માના અસલી સ્વરૂપને જાણ્યા વિના વિકૃતરૂપને પોતાનું સ્વરૂપ માને છે તેથી તે વિકૃતરૂપને કેમ છોડે? તેથી તે વિકૃતમાં જ ફરી ફરી ભ્રમણ કરશે. સંસારમાં જ ફરી ફરી ભ્રમણ કરશે. ૧૦.

જ્ઞાનીએ પરને આત્મા નહીં માનવો જોઈએ. સત્ સ્વરૂપનો સ્વીકાર કરનાર ધર્મીએ અસત્‌માં પોતાપણું માનવું ન જોઈએ. અસત્ એટલે જે પોતાના સ્વરૂપમાં નથી એવી જે પરવસ્તુ છે તેમાં પોતાપણું માનવું ન જોઈએ.—એમ હવે બહિરાત્માની સામે અંતરાત્માની વિશેષ વાત કહે છેઃ—

દેહાદિક જે પર કહ્યાં, તે નિજરૂપ ન થાય;
એમ જાણીને જીવ તું, નિજરૂપને નિજ જાણ. ૧૧.

બહુ ટૂંકા શબ્દોમાં એકલો માલ ભરી દીધો છે. આ તો એકલું માખણ તારવીને મૂક્યું છે. શુભાશુભભાવ, વ્યવહાર આચરણ, ક્રિયા, દેહ–વાણી–મન એ બધા આત્મા થઈ શકતા નથી. જ્ઞાનમૂર્તિ પ્રભુથી ભિન્ન જે પદાર્થ કહ્યાં તે આત્મા થઈ શકતા નથી, તે અણાત્માપણે બહાર રહે છે. આત્મા જે સ્વભાવ સ્વરૂપે છે તેમાં તે પદાર્થો આવી શકતા નથી, તે પદાર્થો આત્માપણે થઈ શકતા નથી. શુદ્ધ જ્ઞાનની મૂર્તિ ચૈતન્યસૂર્ય પ્રભુરૂપે પુણ્ય–પાપના ભાવ કે શરીર થઈ શકતા નથી. દેહાદિ જે બાહ્ય કહ્યાં તે આત્મા થઈ શકતા નથી; માને તો એ માન્યતા બહિરાત્માની થઈ, પરંતુ એ બાહ્ય પદાર્થો આત્મા થઈ જતા નથી.

એક રાગનો કણ–શુભરાગનો સૂક્ષ્મ કણ ને રજકણ એ આત્મા થઈ શકતા નથી. દયા–દાનનો વિકલ્પ હો કે પરમાણુ રજકણ હો, એ પર પદાર્થ કાંઈ આત્મા થઈ શકતા નથી. રાગ વિભાવ એ સ્વભાવ થઈ શકે? રજકણ અજીવ એ જીવ થઈ શકે? સ્ફટિકની સાથે રાતા–પીળા ફૂલ પડયાં હોય તો એ ફૂલ કાંઈ સ્ફટિક થઈ જાય? અને સ્ફટિકમાં રાતી–પીળી ઝાંય દેખાય એ ઝાંય કાંઈ સ્ફટિકરૂપે થઈ જાય?

જેમ નિર્મળતા રે સ્ફટિક તણી, તેમજ જીવ સ્વભાવ રે....
શ્રી જિન વીરે ધર્મ પ્રકાશિયો, પ્રબળ કષાય અભાવ રે....

જેમ સ્ફટિક નિર્મળ પિંડ છે, તેમ ભગવાન આત્મા નિર્મળ જ્ઞાન ને આનંદનો પિંડ છે. જેમ સ્ફટિકની જોડે લાલ-પીળા ફૂલ હોય એ ફૂલ કાંઈ સ્ફટિક થઈ જતાં હશે? અને

જે લાલ-પીળી ઝાંય પડી તે સ્ફટિકપણે થાય છે? તેમ ભગવાન આત્માથી બાહ્ય જે પદાર્થ તે આત્મા થઈ શકતા નથી. પુણ્ય-પાપના વિકલ્પો ને શરીરાદિ બાહ્ય પદાર્થ સ્ફટિક જેવા નિર્મળાનંદ ભગવાન આત્મારૂપે થઈ શકતા નથી. ભગવાન આત્મારૂપે કોણ થઈ શકતા નથી?–કે વિભાવ શરીર ને વાણી આત્મારૂપે થઈ શકતા નથી.

વળી તે પદાર્થોરૂપે આત્મા થઈ શકતો નથી. આ દેહાદિ તો રજકણ માટી છે, અંદર શુભાશુભ ભાવ છે તે રાગ છે; તે રાગ આત્મારૂપે થઈ શકે? અને આત્મા રાગાદિરૂપે થઈ શકે? આહાહા! પરભાવે ભૂલ્યો રે આત્મા....પરભાવના મોહમાં ભગવાન પોતે પોતાને ભૂલી ગયો....કહે છે કે સચ્ચિદાનંદ પ્રભુ આત્મા શું કાંઈ વિભાવરૂપે થાય? એ આત્મા શું કાંઈ શરીરરૂપે થાય? એ આત્મા શું કાંઈ વાણીરૂપે થાય? વિભાવના વિકલ્પમાં આત્મા આવે તો એ રૂપે થાય ને! વિભાવના વિકલ્પમાં કાંઈ આત્મા આવે? વાણીમાં કાંઈ આત્મા આવે? શુભભાવના વિકલ્પમાં જો આત્મા આવે તો આત્મા શુભભાવરૂપે થઈ જાય. પણ આત્મા એમાં આવે જ નહીં. કેમ કે વિભાવ એ તો બાહ્યચીજ છે, તેથી વિભાવ તે સ્વભાવ ન થાય ને સ્વભાવ તે વિભાવ ન થાય.

ઉદયભાવ, પંચ તપ–આચારના જે વ્યવહારના વિકલ્પો તેના રૂપે પ્રભુ થાય છે?—કે એ વિકલ્પો પ્રભુરૂપે થાય છે? ન થાય ભાઈ, ન થાય. અરે પ્રભુ! તું ક્યાં છો!—એ જરીક જો તો ખરો! જ્યાં તું છો ત્યાં વિકાર નથી ને વિકાર છે ત્યાં તું નથી. પુણ્ય-પાપના વિકલ્પોની વિભાવદશામાં સચ્ચિદાનંદ પ્રભુ નથી અને એ વિભાવો સ્વભાવરૂપે ત્રણકાળમાં થઈ શકતા નથી.

પુણ્ય-પાપના આસ્રવના ભાવ અને કર્મ શરીર અજીવભાવ, એ આસ્રવભાવ ને અજીવભાવ સ્વભાવરૂપે થતાં નથી અને ચૈતન્યગોળો ધ્રુવ અનાદિ અનંત સત્વ ભગવાન આત્મા પોતે આસ્રવરૂપે કે અજીવરૂપે થતો નથી. અજીવ, આસ્રવ ને આત્મા—ત્રણ તત્વ નિરાળા છે ને! તેથી કર્મ શરીર ને વાણી એ અજીવ અને અંદર જે શુભાશુભભાવ ઊઠે તે આસ્રવ, તેમાં કાંઈ આત્મા ન આવે. દયા–દાન–વ્રત–ભક્તિના પરિણામમાં આત્મા ન આવે ને એ આસ્રવભાવો આત્મારૂપે થાય નહીં. તેથી આત્મારૂપે થયા વિના એ આસ્રવભાવો આત્માને લાભ કેમ કરી શકે?

એમ જાણીને, એવું જ જ્યાં સ્વરૂપ છે કે જ્ઞાનસૂર્ય પ્રભુ કદી અજીવરૂપે થતો નથી ને આસ્રવરૂપે થતો નથી તથા અજીવ અને આસ્રવો જીવરૂપે થતાં નથી—એમ સત્ય સમજીને હે જીવ! તું અપનેકો પહિચાન. ભગવાન ચૈતન્યસૂર્ય પ્રભુ તરફ તું જો. તું યથાર્થ આત્માનો બોધ કર. શુદ્ધ સ્વરૂપ ભગવાન તરફનો ઝુકાવ કરીને તું જો કે આ આત્મા એકલો જ્ઞાનનો સાગર આનંદની મૂર્તિ છે.—એમ આત્માને જાણ.

તું અપનેકો આત્મા પહિચાન. જ્ઞાનાનંદકો જ્ઞાનાનંદ જાણ. શુદ્ધ ભગવાન આત્માને તું આત્મા જાણ. રાગને પરરૂપે જાણ્યા, સ્વભાવ સ્વભાવરૂપ છે—એમ જાણ્યું ને એમ જાણીને જ્ઞાનસ્વભાવમાં વળી જવું કે આ આત્મા છે તે હું છું—આને સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન સ્વરૂપાચરણ દશા કહેવામાં આવે છે.

પરની દયા પાળી શકું છું, પરના કામ કરી શકું છું—એમ કહેનારને પોતાના સિવાયની પર ચીજ જુદી નથી; એ અને હું બન્ને એક છીએ માટે હું પરના કામ કરી શકું છું. પણ બાપુ! તું જુદો ને એ જુદા. ત્યાં એની દયા કોણ પાળે? જે જુદા પદાર્થ છે એની જુદી અવસ્થાને બીજો શી રીતે કરે? શરીર, કર્મ, કુટુંબ, દેશ—એ તો પરવસ્તુ છે, તો એ પરના કામ તું કરી શકે છો? જો તું પરના કામ કરી શકતો હો તો બે એક થઈ ગયા, તેથી પોતાનું સત્ત્વ નાશ થઈને તું પરરૂપે થઈ ગયો–એમ તેં માન્યું!

તેથી હે જીવ! આમ સમજીને તું અપને આત્માકો પહિચાન, યથાર્થ આત્માનો બોધ કર ૧૧.

આત્મજ્ઞાની જ નિર્વાણ પામે છે. આત્માના ભાનવાળાની જ મુક્તિ થાય છે. આત્માના જ્ઞાન વિનાનાને સંસારમાં રખડવું થાય છે. એમ બન્ને વાત અહીં કહે છે:—

નિજને જાણે નિજરૂપ, તો પોતે શિવ થાય;
પરરૂપ માને આત્મને, તો ભવભ્રમણ ન જાય. ૧૨.

જો આત્માને આત્મા સમજશે એટલે કે ભગવાન આત્મા જ્ઞાન ને આનંદનો પિંડ પ્રભુ જ્ઞાતાદૃષ્ટા છે તે જ મારું સ્વરૂપ છે ને તે જ હું આત્મા છું—એમ આત્માને પોતાના શુદ્ધ સ્વભાવવાળો સમજશે તે નિર્વાણને પામશે. જેણે આત્મા જાણ્યો, તેમાં દૃષ્ટિ માંડી ને એકાકાર થઈ તે પૂર્ણાનંદરૂપી નિર્વાણ ને મુક્તિ પામશે.

જો તું ભગવાન આત્માને અંદર જ્ઞાનાનંદ ચૈતન્યસૂર્ય આત્મા તરીકે જાણ ને સમજ, તો છૂટા તત્ત્વને છૂટું જાણતાં અલ્પકાળમાં તદ્દન છૂટું જે નિર્વાણપદ તેને પામશે. એમાં ને એમાં ઘોલન કરતાં નિર્વાણને પામશે. આત્મા ચૈતન્યજ્યોતજ્ઞાયક છે એમ જાણ્યું ને એમાં ને એમાં સ્થિર થશે એટલે વીતરાગતાને પામશે; વચ્ચે વ્યવહાર આવશે એની અહીં વાત પણ કરી નથી.

પુણ્ય–પાપના વિકલ્પ વિનાની ચીજ તે ભગવાન આત્મા એમ જાણ્યું એટલે બસ! પછી એમાં ને એમાં દૃષ્ટિ ને સ્થિરતા કરતાં નિર્વાણને પામશે. આહાહા! ચૈતન્ય પ્રભુ, ચૈતન્યપ્રકાશની મૂર્તિ! પ્રકાશનો પ્રકાશક, રાગનો, જડનો પ્રકાશક આત્મા અને પોતાના સ્વરૂપનો પણ પ્રકાશક એવો પ્રકાશક સ્વરૂપ ભગવાન આત્મા જાણ્યો કે હું તો સ્વપરનો પ્રકાશક

[ અનુસંધાન પાનું ૨૨ ]

## * વૈરાગ્ય અને પુરુષાર્થપ્રેરક પુરાણપ્રસંગ *

### માતા અને ડાકુ પ્રત્યે સમભાવી વીતરાગી મુનિ

એક સમય મગધરાજ્યની રાજધાની રાજગૃહમાં પ્રજાપાલ રાજા રાજ્ય કરતા હતા. તેમને પ્રિયધર્મા નામની શીલવતી સ્ત્રી હતી અને પ્રિયધર્મ અને પ્રિયમિત્ર નામના બે પુત્રો હતા. કેટલાક વખત પછી બન્ને ભાઈઓએ વૈરાગ્ય પામી જિનદિક્ષા લીધી અને ઘોર તપશ્ચર્યા કરી સમાધિ-મરણ કરી અચ્યુત સ્વર્ગમાં દેવ થયા. સ્વર્ગમાં જઈને બન્ને દેવોએ પ્રતિજ્ઞા કરી કે આપણામાંથી જે પહેલો મનુષ્યપણે જન્મે તેને સ્વર્ગના દેવે સંબોધન કરી મોક્ષ પ્રદાન કરનારી જિનદીક્ષા અપાવવી.

પ્રિયમિત્ર સ્વર્ગથી પ્રથમ ચ્યવીને ઉજ્જયિનીના રાજા નાગધર્મ અને તેમની સ્ત્રી નાગદત્તાને ત્યાં નાગદત્ત પુત્રપણે જન્મે છે. નાગદત્તને નાગ-સર્પની સાથે ક્રિડા કરવાનો શોખ હતો જેથી અન્ય લોકો આશ્ચર્યચકિત થતા હતા. એક વખત સ્વર્ગમાં રહેવાવાળા મિત્રદેવને (પ્રિયધર્મના જીવને) પોતાની પ્રતિજ્ઞાનું સ્મરણ થયું. સ્વર્ગનો દેવ મદારીનો વેશ લઈને બે ભયંકર સાપને લઈને ઉજ્જયિની નગરીમાં આવ્યો અને ગામમાં નાગનો ખેલ દેખાડવા લાગ્યો. કુમાર નાગદત્તને સમાચાર મળ્યા કે કોઈ મદારી બે ભયંકર ઝેરીલા સર્પ લઈને નગરીમાં આવેલ છે. કુમારે તુરત મદારીને રાજ દરબારમાં બોલાવ્યો. ઘમંડમાં આવીને કુમાર નાગદત્તે મદારીને કહ્યું કે તારા ઝેરીલા સાપોને બતાવ! હું તેની સાથે ક્રિડા કરવા માંગું છું. દેખું તો ખરો કે કેવા ઝેરીલા નાગ છે!

કુમારની અભિમાન ભરી વાત સાંભળીને મદારી કહે કે હું રાજકુમારની સાથે એવી હાંસી કરી શકું નહીં કે જેમાં પ્રાણ જવાનો ભય હોય કુમાર! માની લ્યો કે નાગ આપને કરડે ને આપનું મૃત્યુ થયું તો રાજા મને તો પ્રાણદંડ જ આપે ને! કુમારે કહ્યું કે નહીં નહીં, રાજાની પાસેથી હું તને અભયદાન અપાવું છું. તેમ કહીને કુમાર મદારીને રાજા પાસે લઈ ગયો ને રાજાએ કુમારના કહેવા પ્રમાણે મદારીને અભયદાનનું વચન આપ્યું. પછી મદારીએ એક સાધારણ સર્પ કાઢયો. તેને નાગકુમારે ક્રિડા કરીને તુરત હરાવ્યો. કુમાર કહે તારી પાસે ભયંકર ઝેરીલો નાગ બીજો હોય તો કાઢ! મદારી કહે કે મારી પાસે એવો બીજો ભયંકર નાગ છે કે તેના ફુંફાડાથી જ લોકોને ચક્કર આવવા લાગશે. કુમાર કહે તારી પાસે ગમે તેવો ભયંકર ઝેરીલો સાપ હોય તે કાઢ. મારી પાસે એવી જડીબૂટ્ટી છે કે ભયંકર નાગનું ઝેર પણ ચડી શકતું નથી. માટે તું નિર્ભય થા ને તારા નાગને બહાર કાઢ.

મદારીએ ભયંકર નાગને બહાર કાઢયો. ત્યાં તેના ફુંફાડાથી જ લોકોને ચક્કર આવવા લાગ્યા. નાગદત્ત તેની સાથે ક્રિડા કરવા જાય છે ત્યાં તો નાગ તેને કરડયો ને

કુમારને તુરત ઝેર ચડી ગયું અને લોકોમાં હાહાકાર મચી ગયો. અને મંત્ર તંત્ર વાદીઓને બોલાવ્યા પણ કોઈથી ઝેર ઉતર્યું નહીં પછી રાજા ગભરાઈને મદારીને કહે છે કે તારી પાસે કોઈ મંત્ર આદિ હોય તો તું ઝેર ઉતાર! મદારી કહે કે હું પ્રયત્ન કરી જોઉં પણ જો રાજકુમાર બચી જાય તો તેને મોક્ષ દેનારી જિનદીક્ષાની રજા આપવી પડશે. રાજા કહે કે ભલે જો કુમાર બચી જાય તો હું તેને જિનદીક્ષા લેવા આજ્ઞા આપીશ. મદારી મંત્ર ભણીને ઝેર ઉતારે છે ને કુમાર જાગૃત થાય છે. પિતાએ કુમારને જિનદીક્ષાની આજ્ઞાના વચનની વાત કરી. કુમાર જિનદીક્ષા લેવાની વાત સાંભળી અતિ પ્રસન્ન થાય છે. ત્યારે મદારીએ પોતાનું દેવનું રૂપ ધારણ કરીને સ્વર્ગમાં બન્ને મિત્રો વચ્ચે થયેલી પ્રતિજ્ઞાની વાત કરી તે સાંભળી નાગદત્ત બહુ જ પ્રસન્ન થઈ દેવનો ઉપકાર માન્યો અને પોતે યમધર મુનિરાજ પાસે દીક્ષા લીધી. નાગદત્ત મુનિ કઠિન તપસ્યા કરવા લાગ્યા ને જિનકલ્પી એકલ વિહારી મુનિ થયા.

એક દિવસ યાત્રા કરવા નીકળતા રસ્તામાં ભયંકર જંગલ આવ્યું. તેમાં ડાકુઓનો મોટો અડ્ડો હતો. ડાકુઓએ મુનિને જોયા અને તેમને થયું કે આ મુનિ કોઈને વાત કરી દેશે ને અમારું ગુપ્ત સ્થાન જાહેર થઈ જશે. તેમ વિચારીને મુનિ નાગદત્તને ડાકુઓ તેના સરદાર પાસે પકડીને લઈ ગયા. ડાકુ સરદારે મુનિને જોતાં જ કહ્યું કે અરે! તમે મુનિરાજને કેમ પકડીને લાવ્યા છો! એ તો શત્રુ-મિત્ર પ્રત્યે સમભાવી હોય છે. તેમને જલ્દી છોડી દયો! ડાકુઓએ તુરત મુનિને છોડી દીધા. મુનિ ત્યાંથી ચાલી નીકળે છે. ત્યાં તુરત રસ્તામાં નાગદત્ત મુનિની માતા નાગદત્તા કેટલાક અંગરક્ષકો સાથે પોતાની પુત્રીને કૌશામ્બીના શેઠ જિનદત્તના પુત્ર ધનપાલ સાથે પરણાવવા લઈ જતાં મળે છે. મુનિને વંદન કરી સુખશાતા પૂછે છે અને પૂછે છે કે આગળનો માર્ગ ભયરહિત છે ને? મુનિ તેનો કાંઈ પણ ઉત્તર આપ્યા વિના ચાલ્યા જાય છે. નાગદત્તા પુત્રીને લઈને આગળ જાય છે ત્યાં ડાકુઓ આવીને હુમલો કરીને નાગદત્તાને લૂટી લ્યે છે તથા મા-દીકરીને પકડીને પોતાના સરદાર પાસે લઈ જઈને વાત કરે છે તે મુનિરાજને છોડીને અમે જંગલમાં આમ તેમ ફરતા હતા ત્યાં આ બે મા-દીકરીએ મુનિરાજને દર્શન કર્યા ને આ બાજુ આગળ વધી તોપણ મુનિરાજે આ બાજુ ડાકુઓ વસે છે તેમ ન કહ્યું. અમે રાજકન્યા ઝવેરાત આદિ દેખીને લૂટીને તમારા માટે આ રાજકન્યા પકડીને લાવ્યા છીએ. ત્યારે ડાકુ સરદારે કહ્યું કે જુઓ! મેં કહ્યું હતું ને!—કે મુનિ તો સર્વ જીવો પ્રત્યે સમભાવી હોય છે. મુનિરાજના દર્શન કરનાર આ માતા-પુત્રીને પણ તેમણે એમ ન કહ્યું કે આગળ ડાકુઓનો ભય છે. કેમ કે પ્રચુર સ્વસંવેદનમાં ઝૂલતા વીતરાગી સંતને ડાકુ હો કે મિત્ર હો સર્વ પ્રત્યે સમભાવ વર્તે છે.—ઇત્યાદિ મુનિરાજની પ્રશંસા સાંભળીને મુનિરાજની માતા નાગદત્તા ખૂબ ક્રોધિત થાય છે કે અરે! મારા પુત્રને મેં દર્શન કરીને પૂછ્યું કે આગળ માર્ગમાં ભય નથી ને?—છતા મને પણ વાત ન કરી! ને અમને આ

મોતના મુખમાં જવા દીધા! ધિક્કાર છે કે આવા નિષ્ઠુર–નિર્દય પુત્રને મેં જન્મ આપ્યો! આ કરતાં તો પુત્ર જ ન થયો હોત તો સારું હતું....ઇત્યાદિ કલ્પાંત કરવા લાગી ને પોતાના પેટમાં છરી મારવા તૈયાર થાય છે. તે જોઈને સરદાર ગદ્‌ગદ્ થઈને માતા નાગદત્તાના પગમાં પડે છે ને કહે છે કે માતા તું નાગદત્ત મુનિની જ માતા નહિ પણ અમારી માતા છો. માતા ધન્ય છે તને કે આવા ઉત્તમ મુનિરાજને જન્મ દીધો છે. એમ કહીને ડાકુ સરદારે લૂંટેલું ધન અને રાજકન્યા માતાને સોંપીને ક્ષમા માગે છે અને મુનિરાજ નાગદત્તની વીતરાગી સામ્યભાવનો મહિમા ડાકુઓ કરે છે કે અહો! ધન્ય તે મુનિરાજ નાગદત્ત ને ધન્ય તે મુનિદશા! જુઓ તો ખરા! પોતાની જનેતાના પૂછવા છતાં સ્હેજે સાવધાન પણ કરતા નથી કે આગળ ડાકુઓ છે! ચૈતન્યસ્વરૂપમાં ઝૂલતાં વીતરાગી નિર્લેપ મુનિરાજને તો જનેતા હો કે ડાકુ હો, કોઈ પ્રત્યે સ્હેજે રાગ–દ્વેષ હોતા નથી. પોતાની જનેતા ડાકુ તરફ ન જાય તો ઠીક–એવો વિકલ્પ સુદ્ધા જેમને હોતો નથી એવા સમભાવી વીતરાગી સંત મુનિવરને ધન્ય છે. ઇત્યાદિ મુનિદશાનો મહિમા કરતાં કરતાં મુનિરાજ પાસે જઈને દીક્ષા અંગીકાર કરે છે અને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પ્રગટ કરી ઘોર તપ કરી ઘાતી કર્મ નાશ કરી નાગદત્ત મુનિ અને ડાકુ સરદાર સૂરદત્ત કેવળજ્ઞાન પામે છે અને પછી અઘાતી કર્મનો નાશ કરીને મોક્ષ પામે છે. ધન્ય મુનિરાજને ને તેમની મુનિદશાને કે જેમનો વીતરાગી સામ્યભાવ દેખીને ક્રૂર પરિણામી ડાકુ પણ મુનિ થઈને મોક્ષ પામે છે.

[ —નાગકુમાર ચરિત્રમાંથી ]

[ મુક્તિનો ઉપાય : નિજને નિજરૂપ જાણ....પાનું ૧૯ થી ચાલુ ]

પ્રકાશનો પુંજ આત્મા છું—એમ જાણીને તેમાં જ સ્થિરતા કરતાં કરતાં નિર્વાણને પામશે.

હવે તેનાથી ઉલટી વાત કહે છે:

'પરરૂપ માને આત્મને, તો ભવભ્રમણ ન જાય.'

આત્મા સિવાયના કર્મ, શરીર, ઉદયભાવ આદિ પરભાવને, મલિનભાવને, ક્ષણિક વિકારી ભાવને જે આત્મા માનશે કે આ અસ્તિત્વમાં હું છું—તે તેનાથી છૂટશે નહીં એટલે સંસારમાં રખડશે. આત્માને આત્મા જાણે તો મુક્તિ ને આત્માને પરરૂપે જાણે તો સંસારભ્રમણ. વિકાર તે સંસાર છે, વિકારને પોતારૂપે માનશે તો એમાં ને એમાં રહેશે, વિકારમાં ને વિકારમાં રહેશે, સંસારમાં ને સંસારમાં રહેશે.

વિકારને, શરીરને, કર્મને—જે તારા સ્વરૂપમાં નથી તેના અસ્તિત્વમાં જો તારું અસ્તિત્વ માન્યું તો બસ! એ છૂટશે નહીં, છૂટશે નહીં એનું નામ જ સંસાર!—એમ મુક્તિ અને સંસારની બન્ને વાત એક ગાથામાં સમાવી દીધી. વિશેષ કહેવાશે [ –ક્રમશઃ ]

પૂજ્ય બહેનશ્રી ચંપાબેન સંબંધી

(પ્રવચન, તત્ત્વચર્ચા ઇત્યાદિ પ્રસંગે)

# * પરમપૂજ્ય ગુરુદેવના ઉદ્‌ગારો *

દર વર્ષે પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની જન્મ-જયંતીના માંગલિક પ્રસંગે કેટલાક દિવસ અગાઉથી તેમની નિર્મળ સ્વાત્માનુભૂતિ, ધર્મોદ્યોતકારી સાતિશય જાતિસ્મરણજ્ઞાન, રગે રગમાં વ્યાપી ગયેલી નિર્માનતા, સ્ફટિક સમી સ્વચ્છ સરળતા, પ્રશમરસ-નીતરતી ઉદાસીનતા અને સાગર સમાન ગંભીરતા ઇત્યાદિ ગુણો સંબંધી પરમપૂજ્ય, પરમોપકારી, પરમપ્રભાવક, અધ્યાત્મમૂર્તિ ગુરુદેવના શ્રીમુખેથી અત્યંત પ્રસન્નતાપૂર્વક નીકળતા સહજ ઉદ્‌ગારોથી સ્વાધ્યાયમંદિર ગાજતું થઈ જતું હતું. આ વખતે તે પ્રત્યક્ષ ઉદ્‌ગારગુંજનના અભાવે સ્વાધ્યાયમંદિરમાં એક પ્રકારનું ખાલી-ખાલીપણું લાગે છે. તે ખાલીપણાનું વેદન કાંઈક હળવું થાય તે હેતુથી પરમપૂજ્ય ગુરુદેવના શ્રીમુખેથી નીકળેલા પૂર્વ સમયના તત્સંબંધી ઉદ્‌ગારોમાંથી કેટલાક અહીં રજૂ કરવામાં આવ્યા છે, કે જેના વાંચન-મનનથી મુમુક્ષુહૃદયો કાંઈક શીતળીભૂત થાય તેમ જ પોતાના જીવન-ઘડતરના સમ્યક્ પુરુષાર્થની પ્રેરણા મેળવે.

—રામજી માણેકચંદ દોશી

(રાજકોટ, સં. ૨૦૨૭) બેન (ચંપાબેન) તો બહુ જ ગંભીર—ગંભીર! એવો આત્મા અત્યારે હિન્દુસ્તાનમાં નથી. પવિત્રતા—પરિણતિ, અને શુદ્ધ પરિણતિ સહિતનું જાતિસ્મરણજ્ઞાન છે. વૈરાગ્ય! વૈરાગ્ય! શાસ્ત્રમાં આવે છે: તીર્થંકર દીક્ષા લે ત્યારે પહેલાં જાતિસ્મરણ થાય એવો નિયમ છે..... જાતિસ્મરણ થાય ત્યારે ઉપયોગ મૂકવો પડે નહિ અને ફટ જ્ઞાન થાય, એકદમ વૈરાગ્ય થઈ જાય. એવું બેનને થઈ જાય છે. બેનને જાતિસ્મરણ

થતાં વૈરાગ્ય ઘણો વધી ગયો છે; એમને બિલકુલ પરની કાંઈ પડી નથી.

❁ (રાજકોટ, સં. ૨૦૨૭)....બેન (ચંપાબેન) ને તો આમ પ્રત્યક્ષ દેખતાં અંદર એવું થઈ જાય છે, ખેદ આવી જાય છે: અરેરે! ક્યાં હતા ને ક્યાં આવી ગયા! અરે, પ્રત્યક્ષ બધું દેખાય છે. ....અહા! આ સંસાર! આ પ્રાણી! આ દુ:ખ! ઘણો રૂડો જીવ, બહુ રૂડો જીવ, સંસારને કાંઠે આવેલો, જુદી જ જાતનો. પોતે તો કહે જ નહિ. આ તો એમની ઉંમર થઈ ગઈ ૫૮, શરીર સાધારણ, ખોરાક સાધારણ ... આ તો કેમ નભે છે!....નામ–ઠામ, ભવિષ્યનાં નામ, તીર્થંકરનું નામ—બધી સિદ્ધ થઈ ગયેલી વાત, (સીમંધર) ભગવાનના મુખે કહેલી. નાના મોઢે આવી વાત લોકોને આકરી લાગે. એકે એક, અક્ષરે અક્ષર સિદ્ધ થયેલી. ભરતક્ષેત્ર જેવું ક્ષેત્ર! અત્યારે આવો કાળ! તેમાં આ વાત લોકોને આકરી લાગે....

❁ (શ્રાવણ વદ ૨, સં. ૨૦૨૦) અરે! આ જીવ (બહેનશ્રી ચંપાબેન) તો કોઈ અલૌકિક છે! વધારે બોલતાં નથી એટલે કંઈ છે નહિ એમ નથી. આ તો ગંભીર દ્રવ્ય છે!

એમનો પુરુષાર્થ તો એવો ફાટફાટ ઊપડ્યો છે કે જો એ પુરુષ હોત તો ક્યારના મુનિદીક્ષા લઈ વનજંગલમાં ચાલ્યા જાત, અહીંયાં દેખાત પણ નહિ; શું કરે, સ્ત્રીનો દેહ છે!

....જેમ માળામાં મણકાનો મેર હોય છે તેમ આ તો આખા મંડળના—મણકાના મેર છે. એમનાથા જ મંડળ શોભે છે. એમનાથી તો બધા હેઠે, હેઠે ને હેઠે છે.

❁ (તા. ૮-૧૧-૬૫) અરે! એમનાં દર્શનથી તો ભવનાં પાપ કપાય એવો આ જીવ છે. બધા ભાઈઓ એમનાં તળિયાં ચાટે તો ઓછું છે એવું તો આ દ્રવ્ય છે!

❁ (તા. ૨૧-૧૧-૬૫) ૨૮ વર્ષ થઈ ગયાં જાતિસ્મરણ થયાંને, પણ બહાર પડવાની જરાય જેને (બહેનશ્રી ચંપાબેનને) વૃત્તિ નથી ઊઠતી—પ્રતિબિંબ જેવાં ઠરી ગયાં છે. જેને પોતાને સાગરોપમ વર્ષોનું જ્ઞાન છે તોપણ ગુપ્ત! મને પણ નથી કહ્યું. મારી બધી વાત કહી જાય, પણ પોતાની નહિ....

એમનો આત્મા કેટલો ગંભીર! અલૌકિક! અચિંત્ય! અદ્‌ભુત!—આદિ શબ્દો ઓછા પડે છે. આ તો સાગર સમાન ગંભીર છે.

❋ પૂજ્ય ગુરુદેવઃ—બેન! લૌકિક જ્ઞાનની (રાજુલના જાતિસ્મરણ-જ્ઞાનની) એટલી પ્રસિદ્ધિ, તો તમારો આત્મા તો મહાન છે, તમારી (તમારા જ્ઞાનની) પ્રસિદ્ધિ થવી જોઈએ.

પૂ. બહેનશ્રીઃ—સાહેબ! દુનિયામાં પ્રસિદ્ધિ કરીને શું કરવું છે!

દુનિયાને એમની (બહેનશ્રી ચંપાબેનની) કિંમત ક્યાંથી આવે? કારણ—કંઈ બોલતાં નથી અને બહારમાં કંઈ કરીને દેખાડતાં નથી. દુનિયાને તો બહારના ચમત્કારની કિંમત છે ને! એમના અંતરને એ શું જાણે?

❋ (તા. ૨૬-૧૧-૬૫) વિ. સં. ૧૯૯૩ ચૈત્ર વદ આઠમના દિવસે જ બેનને (બહેનશ્રી ચંપાબેનને) આત્માના શુદ્ધોપયોગરૂપ નિર્વિકલ્પ અનુભવ સાથે ઉપયોગમાં નિર્મળતા થતાં જાતિસ્મરણ થયું. ××× સમ્યગ્દર્શન ૮૯ માં થયું હતું. ××× ધ્યાન કરતાં કરતાં એટલાં એકાગ્ર થઈ જાય છે કે પોતે ભરતમાં છે કે વિદેહમાં એ પણ ભુલાઈ જાય છે. ××× અમે સાથે જ મોક્ષ જવાના છીએ. આ વાત બધી પ્રત્યક્ષ થયેલ છે. ××× બેનનું (બહેનશ્રીનું) જ્ઞાન તો અગાધ ને ગંભીર છે. ××× આ ચંપાબેનનું જ્ઞાન તો રાજુલ કરતાં અનંત અનંત સામર્થ્યવાળું છે. એને તો લૌકિક, પણ આમને તો અલૌકિક જ્ઞાન છે. આત્મજ્ઞાન સહિતનું જાતિસ્મરણ છે.....એમને ચાર ભવનું જ્ઞાન છે પણ ગંભીર એટલાં કે કોઈ દિવસ બહાર પાડતાં નથી. મને પણ....પોતાની વાત ન કરે, મારું બધું કહી જાય. બેન તો ભગવતીસ્વરૂપ છે, ભગવતીમૂર્તિ છે. બોલવું તો એમને હરામ છે. ક્યાં બોલે જ છે? માટે લોકોને મહિમા આવતો નથી. એમના જેવાં દુનિયામાં કોઈ સ્ત્રી નથી. સ્ત્રીઓનાં મહાભાગ્ય છે કે આવા કાળમાં—આવા મિથ્યાત્વના જોરના કાળમાં એમનો અહીં જન્મ! એ તો જે બહુમાન કરશે એમનાં મહા-ભાગ્ય છે....

❋ (રાજકોટ, તા. ૩૧-૫-૬૭) સેંકડો વર્ષોમાં નથી થયો એવો આ સ્ત્રી-દેહમાં આત્મા પાકયો છે. સમાજનાં એટલાં પુણ્ય ક્યાં છે કે આ વાત બહાર

મુકાય! લોકોને જે બોલે છે એની કિંમત આવે છે, આ નથી બોલતાં માટે એમની કિંમત આવતી નથી. ઓછું બોલે એટલે જાણે કાંઈ આવડતું જ ન હોય એમ લોકો માને....

❋ (ફતેપુર તા. ૩-૧૨-૭૦) બેનને (ચંપાબેનને) તો ચાર ભવનું જ્ઞાન (જાતિસ્મરણ) છે. અસંખ્ય અબજો વર્ષનું જ્ઞાન છે એમને! આ તો કોઈ અલૌકિક આત્મા છે. ચંપાબેનની શક્તિ તો ગજબ છે. નરમ નરમ નરમ છે. સ્ત્રી-દેહ છે પણ કંઈ સ્ત્રીદેહ થોડો નડે છે? ૩૪ વર્ષ થયાં એમને જ્ઞાન પ્રગટ્યાને. સ્ત્રીઓમાં ધર્મરતન છે

❋ (તા. ૧૯-૬-૭૧) બેન (બહેનશ્રી ચંપાબેન) તો આરાધનાની દેવી છે. પવિત્રતામાં આખા ભારતમાં અજોડ છે. એમની છત્રછાયા આખા સોનગઢમાં છે. ઓહો! બેન તો ભગવતીસ્વરૂપ છે. તારે બીજે ક્યાં ગોતવા જવું છે? એમનાં દર્શન કર ને! એક વાર ભાવથી જે એમનાં દર્શન કરશે એનાં અનંત કર્મબંધન ઢીલાં થઈ જશે. એમનાં ચરણોમાં જે વિંટાઈને રહેશે એને ભલે સમ્યગ્દર્શન ન થાય, તત્ત્વનો અભ્યાસ ન હોય, તોય એનો બેડો પાર છે.

❋ સુવર્ણપુરીની આ રચના (સીમંધરભગવાન, કુંદકુંદાચાર્યદેવ ઇત્યાદની પ્રતિષ્ઠા) એમના વિદેહના જાતિસ્મરણનો ચિતાર છે.

❋ બેન તો અણમોલ રતન છે; જો પુરુષ હોત તો એક સેકંડ પણ જુદાં ન પડત.

❋ એમના આ ફોટામાં કેટલા ઊંડા ભાવ આવી ગયા છે! ફોટામાં આવા, તો અંદરમાં તો હજી કેટલા ઊંડા હશે?!

❋ બેનશ્રીને દીકરી કહું, બેન કહું, ધર્મમાતા કહું કે સાધર્મી કહું, જે કંઈ કહું—બધું છે

❋ ચંપાબેન તો આ કાળનું આશ્ચર્ય છે.

❋ સ્ત્રીઓમાં તો કોઈ નહિ, પણ વર્તમાન બધા...કરતાં એમની દશા વધારે છે.

❋ નહિ-જેવા માયાના પરિણામમાં અહીં આ અવતાર! નહિ તો

એ અહીંયાં હોય જ શેના? પૂર્વના અખંડ બાળબ્રહ્મચારી! એમનો અવતાર જ અહીંયાં ક્યાંથી?

❋ (તા. ૮-૭-૭૧) આજ બેનનો જન્મદિન છે ને!....બધાને કેટલો ઉલ્લાસ દેખાય છે; એમને કાંઈ છે! અધ્યાત્મમાં એમની સ્થિતિ ઉદાસ, ઉદાસ ને ઠરેલી છે.

❋ (તા. ૧૨-૯-૭૧) બેન (ચંપાબેન)ની નિર્મળતા ઘણી ઘણી! નિર્મળતા! નિર્મળતા! અપૂર્વ અપૂર્વ સ્મરણ! શાંત ને ગંભીર! બેન તો ધર્મ રતન છે. મહાવિદેહમાં ઘણી નિર્મળતા હતી; ત્યાંની નિર્મળતા લઈને અહીંયાં આવ્યાં છે. એકાંતપ્રિય, શાંતિથી એકલાં બેસી પુરુષાર્થ કર્યા કરે છે. એમને ક્યાં કોઈની પડી જ છે! કુટુંબનીયે નથી પડી. અંતર સ્વરૂપ-પરિણતિમાં રહે છે.

❋ (તા. ૧૯-૯-૭૧) ઓહો! બેનના જ્ઞાનની નિર્મળતાની શી વાત કરવી! ઘણું સ્પષ્ટ જ્ઞાન!....બેન તો જબરી આરાધના કરે છે. એકલાં બેઠાં પોતાનું કામ કર્યા જ કરે છે.. હવે તો એમને બહાર પાડવા જ છે. એમનો જય-જયકાર થશે, એમની ઘણી જાહોજલાલી થશે, જે જીવશે તે જોશે. અલૌકિક દ્રવ્ય છે, એમની લાઇન જ જુદી છે.

❋ (ભા. સુ. ૧૧, સં. ૨૦૨૬) ....બેન બોલે છે તો ઘણું થોડું. દીકરીઓનાં ઘણાં ભાગ્ય છે. જો મૌન રહે તોપણ એનાં દર્શનથી તો લાભ જ છે..... અમને ઘણા વખતથી ખ્યાલમાં હતું: બેનની ઘણી શક્તિ છે....

❋ (કા. વ. ૧૨, સં. ૨૦૨૨) રાજુલને પૂર્વભવનું—ગીતાનું યાદ આવ્યું તે તો સામાન્ય વાત; બેનને (બહેનશ્રીને) તો દ્રવ્યે ને ભાવે—બંને પ્રકારે સ્મરણ છે. શુદ્ધ આત્માના જ્ઞાન સહિતનું ઘણું જ્ઞાન છે. ભાવસ્મરણ એટલે નિજ શુદ્ધ આત્માનું, અને દ્રવ્યસ્મરણ એટલે આ જીવ પોતે પૂર્વે ક્યાં હતો તે,—તે બંનેનું જ્ઞાન છે. એ તો ભગવતીસ્વરૂપ છે, ભગવતી બેન છે....

❋ શ્રી કુંદકુંદ-આચાર્યદેવ વિદેહમાં ગયા હતા તેના કોણ સાક્ષી છે? સાક્ષી આ ચંપાબેન બેઠાં છે તે છે.

બેનની ગંભીરતા તો જુઓ! બેનના બોલ (વચનામૃત) બહુ

ગંભીર છે. બેનને તો ક્યાં બહાર પડવું છે? માંડ બેનનું પુસ્તક બહાર આવ્યું. બેનનું પુસ્તક તો બહુ સરસ! બહુ સરસ! અધ્યાત્મની રુચિ હોય તેને માટે તો બહુ સરસ. આવું ક્યારે બહાર આવે! બેનને તો વિચાર નહોતો ને બહાર આવી ગયું. જગતનાં ભાગ્ય છે!

❋ (તા. ૨૬-૮-૭૨) બેનનો આત્મા તો મંગળમય છે, ધર્મરતન છે. હિંદુસ્તાનમાં બેન જેવાં અજોડ સ્ત્રીઓમાં કોઈ છે નહિ, અજોડ રતન છે. બાઈઓનાં તો મહાભાગ્ય છે કે આવું રતન મળ્યું છે.

❋ (તા. ૧૭-૩-૭૩) આ બેનની તો લાઇન જ જુદી છે. એમનો વૈરાગ્ય, જાતિસ્મરણજ્ઞાન, એમની દશા—બધું જુદું જ છે. એમને ક્યાં કોઈની પડી જ છે! કોઈ વંદન કરે કે ન કરે, એ ક્યાં કોઈને જુએ જ છે!

❋ (તા. ૫-૮-૭૪) ....બેન તો ચૈતન્ય-હીરલો છે, તેને હીરેથી શું વધાવવાં! તે તો પોતે જ હીરો છે. હું આહાર કરવા તેમના ઘરે ગયો ને મેં કહ્યું કે બેન! લોકોને ઘણો ઉત્સાહ છે. વજુભાઈ-હિંમતભાઈ ત્યાં બેઠા હતા. બેન કહે: 'હું તો આત્માની સાધના કરવા અહીં આવી છું, આ તો બોજો લાગે છે.' એમને બહારની કાંઈ પડી નથી, જેટલું કરો તેટલું ઓછું છે.

❋ (બેનશ્રીને આવતાં દેખીને કહ્યું—) બેન માટે જગ્યા કરો, 'ધર્મની શોભા' ચાલી આવે છે. બેન નથી સ્ત્રી, નથી પુરુષ, તે તો સ્વરૂપમાં છે. ભગવતીસ્વરૂપ એક ચંપાબેન જ છે, તેમની દશા અલૌકિક છે. એ તો અતીન્દ્રિય આનંદમાં લહેર કરે છે.

❋ બેનનું પુસ્તક (વચનામૃત) આવ્યું ઘણું ઊંચું. સાદી ભાષા, મર્મ ઘણો. અતીન્દ્રિય આનંદમાંથી આવેલી વાત છે. એકલું માખણ ભર્યું છે—એકલો માલ ભર્યો છે. ઘણું ગંભીર! થોડા શબ્દોમાં ઘણું ગંભીર! આ તો અમૃતધારાનો વરસાદ છે. વચનામૃત તો બાર અંગનું માખણ છે, સારમાં સાર આવી ગયું છે. 'દ્રવ્યદષ્ટિપ્રકાશક' કરતાં આ પુસ્તક અલૌકિક છે. જગતનાં ભાગ્ય!—આવી ચીજ બહાર આવી. આવાં વચનામૃત કોને ન ગોઠે? સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથે જોયા તે આ ભાવ છે.

❋ આ તો બેનનાં અંદરનાં વચન છે ને! બેનની ભાષા સાદી, પણ અંતરની છે. અનુભવ વિદ્વત્તા માગતો નથી, અંતર અનુભૂતિ અને રુચિ માગે છે. આ બેનના શબ્દો છે તે ભગવાનના શબ્દો છે. ભાષા ય નવી ને ભાવો ય નવા! સાદી ભાષામાં અંદર રહસ્ય છે. લાખો પુસ્તકો છપાયાં, મેં કોઈ દિવસ કહ્યું ન હતું; જ્યાં આ (વચનામૃત) હાથમાં આવ્યું, (જોયું-વાંચ્યું) ને રામજીભાઈને કહ્યું : ભાઈ! આ પુસ્તક લાખ છપાવો.

❋ (તા. ૬-૯-૭૭) (બ્હેનશ્રીનાં વચનામૃત) પુસ્તક ટાઇમસર બહાર પડ્યું. બેનને ક્યાં બહાર પડવું જ છે, પણ પુસ્તકે બહાર પાડ્યાં. ભાષા સરળ છે પણ ભાવ ઘણા ગંભીર છે. મેં આખું વાંચી લીધું છે. એક વાર નહિ પણ પચીસ વાર વાંચે તોય સંતોષ ન થાય એવું પુસ્તક છે. આ દસ હજાર પુસ્તક છપાવીને બધા હિન્દી-ગુજરાતી 'આત્મધર્મ'ના ગ્રાહકોને ભેટ દેવાં એમ મને થયું....

❋ (તા. ૧૬-૯-૭૭) હું કહું છું કે (વચનામૃત) પુસ્તક સર્વોત્કૃષ્ટ છે— આખા સમયસારનો સાર આવી ગયો છે એટલે સર્વોત્કૃષ્ટ છે. આ પુસ્તક બહાર માણસોના હાથમાં જશે તો હિંદુસ્તાનમાં ડંકો વાગશે. આ પુસ્તક વાંચતાં તો વિરોધી પણ મધ્યસ્થ થઈ જશે—એવી વાત છે.....જગતને લાભનું કારણ છે. માન મૂકીને એક વાર મુનિઓ (પણ) વાંચે તો એના લાભનું કારણ છે.

❋ (તા. ૧-૧૦-૭૭) પરિણમનમાંથી નીકળેલા શબ્દો છે. બેનને તો નિવૃત્તિ ઘણી. નિવૃત્તિમાંથી આવેલા શબ્દો છે. પુસ્તકમાં તો સમયસારનો સાર આવી ગયો છે—અનુભવનો સાર છે; પરમ સત્ય છે. 'વચનામૃત' એ ચીજ તો એવી બહાર આવી ગઈ છે કે હિન્દુસ્તાનમાં બધી જગ્યાએ બહાર પાડવું જોઈએ.

❋ આ બેનનાં વચનો છે તે અનંત જ્ઞાનીનાં વચનો છે. ઇન્દ્રોની સમક્ષ અત્યારે શ્રી સીમંધરદેવ જે ફરમાવે છે તે આ વાણી છે. આ ચોપડી સાધારણ નથી, આમાં તો બહુ ભર્યું છે. ભાષા મીઠી છે, સાદી છે, ભાવો ઊંડા ને ગંભીર છે. દિવ્યધ્વનિનો આ અવાજ છે. અરે! એક વાર મધ્યસ્થપણે આ

વાંચે તો ખરો! ભગવાને કહેલી જે ૐકાર ધ્વનિ છે એમાંથી નીકળેલો આ સાર બેને કહેલ છે.

❋ (સં. ૧૯૯૭) આ કાળનો જોગ અનુકૂળ છે; બેન જેવાંનો આ કાળે અવતાર છે. એ ધર્માત્મા ગૃહસ્થના ભેટા થવા પણ અનંત કાળે મોંઘા છે. ભાઈઓને આ કાળે ધર્માત્મા પુરુષ મળી આવે, પણ આ કાળે બહેનોનાં પણ સદ્‌ભાગ્ય છે.

❋ (તા. ૧૭-૯-૮૦) બેનથી બોલાઈ ગયું અંતરમાંથી. ત્યાંથી (વિદેહક્ષેત્રથી) આવેલી વાત છે. બેન ત્યાંથી આવ્યાં છે...બેન (દીકરિયું પાસે) બોલેલાં ને લખાઈ ગયું, નહિંતર તો બહાર આવે જ ક્યાંથી? (આ બધું) કોતરવાનું છે પથ્થરમાં (આરસનાં પાટિયામાં)...

❋ આ (વચનામૃત) ચોપડી એવી આવી છે કે ગમે તેટલાં શાસ્ત્ર હોય, આમાં એકેય વાત બાકી નથી. થોડા શબ્દોમાં દ્રવ્ય-ગુણ-પર્યાય, વ્યવહાર-નિશ્ચય વગેરે બધું આવી ગયું છે. જગતના ભાગ્ય કે આવી સાદી ભાષામાં પુસ્તક બહાર આવી ગયું. વીતરાગતાના ભાવનું રટણ ને લઢણ છે. આખા હિન્દુસ્તાનમાં ઢંઢેરો પિટાશે. જ્યા પુસ્તક હાથમાં આવ્યું ત્યાં કહ્યું કે એક લાખ પુસ્તક છપાવાં જોઈએ.

❋ બેનને જાતિસ્મરણમાં આવ્યું છે: ભગવાન પાસે સાંભળ્યું છે કે એક એવું સમકિત હોય છે કે જે ક્ષાયિકને જોડે છે—એવું 'જોડણી ક્ષાયક' હોય છે. એમને ગોઠતું નથી પણ હવે એ થોડું થોડું બહાર પાડીએ છીએ ... બેનનું પુસ્તક બહુ સરસ છે, એકલું માખણ છે. 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ' કરતાં પણ ચડી જાય એવું છે. સાદી, સરળ ભાષામાં ઊંચું તત્ત્વ પીરસ્યું છે.

❋ (તા. ૧૭-૯-૮૦) આ તો બેનની ભાષા તદ્દન સાદી અને અંદરથી બોલેલી. આ તો જરીક બોલ્યાં અને લખાઈ ગયું, નહિંતર તો બહાર આવે જ ક્યાંથી? એકલાં રતન પડ્યાં છે! અન્યમતીનેય એમ થાય કે આવું ક્યાંય નથી! હીરાનો ભંડાર છે!

❋ (તા. ૧૯-૯-૮૦) અહા....હા...હા....બેનની લાયકાત!....એ (બેનની આ વાણી) તો કોતરાવાની છે પથ્થરમાં. અઢી લાખ રૂપિયા તે દિ (શ્રાવણ વદ બીજે) થઈ ગયા.....(વચનામૃતનું) મકાન બનાવવામાં આવશે....

❋ (રાજકોટ, ૭. સ. ૧૯૮૦) આ બેનનાં વચનો છે. અંતર આનંદના અનુભવમાંથી આવેલી વાત છે. ઘણું જોર અંદરનું, અપ્રતિહત ભાવના. આત્માનું સમ્યગ્દર્શન અને અતીન્દ્રિય આનંદની અનુભૂતિ—એમાંથી આ વાત આવી છે. આનંદના સ્વાદમાં મડદાની જેમ હાલે. અહાહા! સચ્ચિદાનંદ પ્રભુ છે બેન! અંતરની મહત્તા આડે બહારનું કાંઈ લક્ષ જ નથી. અનુભવી, સમકિતી, આત્મજ્ઞાની છે. આત્માનો અનુભવ તો છે પણ સાથે અસંખ્ય અબજ વર્ષોનું જાતિસ્મરણજ્ઞાન છે. પણ લોકોને બેસવું કઠણ પડે.

❋ બેન (ચંપાબેન) તો જૈનનાં મીરાંબાઈ છે.....ભાન સહિતની ભક્તિ છે, આંધળી દોડ નથી.

❋ બેનને તો એક આનંદ આનંદ આનંદ! ને આખો દિ સહજ નિવૃત્તિ; બસ, બાકી કાંઈ કરતાં કાંઈ નહિ. કોઈ વંદન કરે કે નહિ એની સામે પણ જુએ નહિ. કોઈ સાથે લવથવ નહિ.

❋ (તા. ૨૯-૧-૭૫) જેને આનંદમાં જમવટ જામી છે, જેને અતીન્દ્રિય આનંદના કોળિયા લેવાય છે અને જે અતીન્દ્રિય આનંદને ગટક ગટક પીએ છે એવા ધર્મીનું (-સાધકનું) આ સ્વરૂપ બેનના મુખેથી (વચનામૃતમાં) આવ્યું છે. તદ્દન સાદી ભાષા. પ્રભુના સમોસરણમાં આમ વાત ચાલતી, ભાઈ!.... અરે! આ વાત બેસે તે તો ન્યાલ થઈ જાય તેવું છે. જિનેશ્વરદેવનું જે ફરમાન છે તે આ બેન કહી રહ્યાં છે.

❋ (તા. ૨૯-૧-૭૫) વચનામૃતના એક એક ફકરામાં, એક એક શબ્દમાં નિધાન ભર્યાં છે. જેને તળિયાં પકડતાં આવડે તેને અગાધતા લાગે સ્વભાવની. પર્યાયે પ્રભુને સંઘર્યો—આખો જ્ઞાનમાં લઈ લીધો. આ તો સિદ્ધાન્તનું દોહન છે. જગતનાં ભાગ્ય કે આ (બેનનું પુસ્તક) ટાણે બહાર આવી ગયું. થોડા શબ્દોમાં, સાદી ભાષામાં, મૂળ તત્ત્વને પ્રગટ કર્યું.

❋ (શ્રાવણ વદ ૨) ચંપાબેન ખરેખર અજોડ રતન છે; તે તો અંદરથી સાવ ઉદાસ છે; તેમને બહારનું આ બધું કાંઈ ગમતું નથી; પણ લોકોને તો ભક્તિપ્રેમથી બહુમાન કરવાના ભાવ આવે ને!

❁ (તા. ૭-૧૨-૭૭) બેનના પુસ્તક સિવાય આપણે કોઈમાં પડ્યા નથી. બેનનું પુસ્તક બહુ સારું આવ્યું....બેનના બોલમાં આવે છે ને 'બહાર પડવાના પ્રસંગોથી દૂર ભાગવામાં લાભ છે!' ઘણું સરસ!

❁ બેન તો મહાવિદેહથી આવ્યાં છે. એમના અનુભવની આ (વચનામૃત) વાણી છે. હીરાથી વધાવ્યાં તો ય તેમને કાંઈ નહિ. બેન તો (થોડા ભવમાં) કેવળજ્ઞાની થશે.

❁ (તા. ૨૨-૧-૭૮) અમે (સીમંધર) ભગવાન પાસેથી સીધા જ આવ્યા છીએ. આ વચનામૃતમાં ભગવાનની ધ્વનિનાં મંત્રો ભરાઈ ગયાં છે. બેનની (ચંપાબેનની) શી વાત કરવી! તે તો ધ્યાનમાં ધ્યાનમાં બસ ધ્યાનમાં રહે છે—આનંદ આનંદ આનંદમાં છે. તેમનો દેહ સ્ત્રીનો છે તેથી ખ્યાલ ન આવે.

❁ (તા. ૧૯-૯-૮૦) વચનામૃતના એક-એક શબ્દમાં સારો (-પૂરો) સાર ભર્યો છે. વિચારને દીર્ઘપણે લંબાવીને અંતરમાં જા. અહાહા! બેનની (ચંપાબેનની) કેવી સ્થિતિ છે! કહે છે—'આત્મા' બોલતાં શીખ્યા તો અહીંથી (-ગુરુદેવ પાસેથી)! ગજબ છે એમનો વિનય અને નમ્રતા!

❁ બેન વિદેહથી આવ્યાં છે. એમને તો અસંખ્ય અબજ વર્ષનું જાતિસ્મરણજ્ઞાન છે. અસંખ્ય અબજ વર્ષની વાત, કાલની આજ દેખાય તેમ દેખાય છે.. આત્મજાતિનું જ્ઞાન થવું તે યથાર્થ જાતિસ્મરણ છે—અનંત અનંત ગુણોનો નાથ તેનું જ્ઞાન અંદરમાં હોવું તે (પરમાર્થ) જાતિસ્મરણ છે.

❁ (તા. ૧૯-૮-૮૦) બેનને ખબર નહિ કે કોઈ લખી લેશે. એમને બહાર પડવાનો જરા પણ ભાવ નહિ. ધર્મરતન છે, ભગવતી છે, ભગવતીસ્વરૂપ માતા છે. (એમનાં આ વચનો) આનંદમાંથી નીકળ્યાં છે. ભાષા મીઠી આવી ગઈ છે.

❁ બેન અત્યાર સુધી ગુપ્ત હતાં. હવે ઢાંક્યું નહિ રહે—છાનું નહિ રહે. એમનાં વચનો તે ભગવાનની વાણી છે, તેમના ઘરનું કાંઈ નથી—દિવ્ય

ધ્વનિ છે. બેન તો મહાવિદેહથી આવ્યાં છે. આ વચનામૃત લોકો વાંચશે, વિચારશે, ત્યારે ખ્યાલ આવશે આ કેવું પુસ્તક છે! એકલું માખણ છે.

❋ (તા. ૧૯–૨–૭૮) (બેનની) આ વાણી તો આત્માના અનુભવમાં—આનંદમાં રહેતાં રહેતાં આવી ગઈ છે. અમે ભગવાન પાસે પૂર્વે હતા. બહુ ઊંચી વાત છે. અત્યારે આ વાત બીજે ક્યાંય નથી. બેન (ચંપાબેન) તો સંસારથી મરી ગયાં છે. અપૂર્વ વાત છે બાપુ!

❋ બેનનું પુસ્તક તો એવું બહાર પડયું છે કે મારા હિસાબે તો બધાને ભેટ દેવું જોઈએ. બહુ સાદી—બાળક જેવી ભાષા; સંસ્કૃત ભાષા નહિ. બહુ જોરદાર ગંભીર વાતો એમાં છે.

❋ અહાહા! આ આવી ચીજ લોકોનાં ભાગ્યે બહાર આવી ગઈ. પોકાર કર્યો છે એમાં આત્માનો. બેનનો ફોટો છે ઉપર—ઘણો સારો. શાન્ત–શાન્ત!!

❋ બેન તો બેન જ છે. એના જેવું બીજું કોઈ નથી. અહીં ક્યાં અમારે કાંઈ છાનું રાખવું છે? બેન તો અજોડ છે, અકેલા હી હૈ. અમારે ખાનગી–ગુપ્ત છે નહિ.

❋ બેનના પુસ્તકમાં બહુ ટૂંકું ને માલ-માલ છે. અન્યદર્શનીઓને પણ ગમે તેવું છે.....અરે! એમાં તો તારી મહિમા ને મોટપની વાતો છે. મુનિઓની વાત કેવી લીધી છે!—'મુનિઓને બહાર આવવું એ બોજો લાગે છે.' આ પુસ્તક બહાર આવ્યું એ ઘણું જ સરસ! અંદર થોડામાં ઘણી વાતો છે.

❋ બેન તો એક અદ્દભુત રતન પાક્યાં છે. શક્તિ અદ્દભુત છે. અતીન્દ્રિય આનંદના વેદનમાં એને કાંઈ પડી નથી. હિન્દુસ્તાનમાં એમના જેવો કોઈ આત્મા નથી. આ પુસ્તક બહાર પડયું એટલે કાંઈક ખબર પડે.

❋ ચંપાબેન એટલે કોણ?! એમનો અનુભવ, એમનું જ્ઞાન, સમતા અલૌકિક છે. ....સ્ત્રીનો દેહ આવી ગયો છે. પણ અંતરમાં અતીન્દ્રિય આનંદની લહેરમાં પડ્યાં છે; એમાંથી વાણી નીકળી છે.—આ, એમની વાણીનું પ્રમાણપણું છે.

❀ બેન અલૌકિક ચીજ છે, દેહથી ભિન્ન અને રાગથી ભિન્ન આત્માને અનુભવે છે. એને (બહારમાં) ક્યાંય મજા પડતી નથી. એ તો અતીન્દ્રિય આનંદમાં લહેર કરે છે.

❀ (શ્રાવણ, સં. ૨૦૩૦) (શ્રાવણ વદ ૧૪ના દિને પંડિત શ્રી હિંમતભાઈના ઘરે આહાર કરવા પધાર્યા ત્યારે—)

પૂજ્ય ગુરુદેવ:—હિંમતભાઈ! જુઓને, લોકોને કેટલા ભાવ છે બેન ઉપર! બીજના ટાણે કેટલું બધું માણસ આવ્યું'તું!

પૂ. બહેનશ્રી (અતિ નરમાશથી):—સાહેબ! મારે તો આત્માનું કરવું છે. એ તો બધી ઉપાધિ લાગે છે.

પૂજ્ય ગુરુદેવ:—બેનબા! તમારે શું છે? તમારે તો બધું જોયા કરવું. મારા હિસાબે તો હજી ઓછું થાય છે. તમારા માટે તો લોકો જેટલું કરે તેટલું થોડું છે.....

❀ (સં. ૨૦૩૩) એક સ્ત્રીનો દેહ આવી ગયો, નહિતર (બેન) દૂર એક ક્ષણ ન રહે. ...કેટલીક શબ્દની શૈલી તો એમના ઘરની, નિવૃત્તિની છે. સાદી ભાષા બહુ, ચાર ચોપડી ભણેલાને બેસી જાય એવી છે...

❀ (તા. ૨૯-૧૧-૭૭) બેનનાં વચનામૃત એ કેવળજ્ઞાનનો કક્કો છે. બે-ચાર વાર નહિ પણ દસ વાર વાંચશે ત્યારે સમજાશે.

❀ ઓહો! સાદી ભાષા, મંત્રો છે મંત્રો. આ તો લાખો શાસ્ત્રોનો નિચોડ છે. લાખો શું? કરોડ, અનંત શાસ્ત્રોનો આશય સ્વ-આલંબન કરાવવું તે છે. લોકો વાંચશે તો અહાહા!....બાહુબલીમાં ભટ્ટારકે જોયું તો કહે કે 'મને આપો; ઓહો! આવું પુસ્તક!'

❀ બેનની (ચંપાબેનની) તો શી વાત કરું! એમની નિર્મળ દષ્ટિ અને નિર્વિકલ્પ સ્વાત્માનુભૂતિ આ કાળે અજોડ છે. .. એ તો અંદરથી જ ઉદાસ-ઉદાસ છે.....તેમને વિષે વિશેષ શું કહું? અમારે મન તો તે ભારતનું ધર્મરતન, જગદમ્બા, ચૈતન્યરત્ન, ધર્મમૂર્તિ છે, હિન્દુસ્તાનનો ચળકતો તારો છે.

✲ (જામનગર, એપ્રિલ-૭૯) બેનને અસંખ્ય અબજો વર્ષનું જ્ઞાન છે—૯ ભવનું જ્ઞાન છે (—૪ ભૂતના, ૪ ભવિષ્યના). બેન તો ભગવાન પાસેથી આવ્યાં છે. અનુભવમાંથી આ વાત આવી છે. ...ઉદયભાવથી તો મરી ગયાં છે, આનંદથી જીવે છે. પરમાત્મા પાસેથી આવ્યાં છે. સાક્ષાત્ પરમાત્મા ત્રણ લોકના નાથ બિરાજે છે સીમંધરભગવાન, ત્યાં અમે સાથે હતા. શું કહીએ પ્રભુ! સીમંધર પરમાત્મા પાસે ઘણી વાર જતા હતા. ....તે ભગવાનની આ વાણી છે. બેન તો આનંદસાગરમાં....

આ કથા-વાર્તા નથી, ભાગવત કથા છે. પરમાત્માની વાણીના ઇશારા છે. તેનો અનુભવ કરે તેને ખબર પડે. ...બેન તો ભગવતી માતા છે.

---

[ વિવિધ સમાચાર....પાનું ૩૮ થી ચાલુ ]

* **પ્રતાપગઢ:**—પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના સદુપદેશથી પ્રભાવિત થઈને પ્રતાપગઢ (રાજ.)ના દિગંબર મુમુક્ષુ મંડળ દ્વારા ભગવાન શ્રી સીમંધરસ્વામી જિનમંદિર અને સ્વાધ્યાય ભવનના નિર્માણ માટે નાઈરોબીવાળા શ્રી રશ્મીકાંત રામજીભાઈ દેવરાજ તથા નાઈરોબીવાળા શ્રી વેલજીભાઈ નરસીભાઈ વતી પં. શ્રી હિંમતભાઈ જોબાલીયાના હસ્તે તા. ૧૦-૧૨-૮૦ના રોજ શિલાન્યાસવિધિ કરવામાં આવી હતી અને તેની ખુશાલીમાં શ્રી રામજીભાઈ તરફથી રૂા. ૧૨૫૦૧), શ્રી વેલજીભાઈ તરફથી રૂા. ૧૨૫૦૧) તથા નાઈરોબી દિ. જૈન મુમુક્ષુ મંડળ તરફથી રૂા. ૨૫૦૦૧) નિર્માણ કાર્ય માટે ભેટ આપવામાં આવેલ છે
—સજ્જનલાલ સાંબરીયા

* સૂરત:—શ્રી દિ. જૈન મુમુક્ષુ મંડળના નિમંત્રણથી પં. શ્રી હિંમતભાઈ જોબાલીયા (સોનગઢ)ના તા. ૨૮-૬-૮૧ થી તા. ૪-૭-૮૧ સુધી શાસ્ત્ર પ્રવચનોનો લાભ મળ્યો હતો. સવારે શ્રી સમયસાર ઉપર બપોરે શ્રી પ્રવચનસાર ઉપર તથા રાત્રે મોક્ષમાર્ગ પ્રકાશક ઉપરના પ્રવચનો સંભળીને મુમુક્ષુ સમાજ ઘણો પ્રમુદિત થયો હતો તથા ઘણી ધર્મ પ્રભાવના થઈ હતી. —નિરંજન શાહ

* [ તા. ૨૭-૭-૮૧ ] આગળ જણાવ્યા પ્રમાણે ત્રણે પ્રસંગોનો લાભ લેવા માટે સોનગઢમાં મહેમાનો આવવા લાગ્યા છે તથા તે પ્રસંગોમાં આવવા માટેના સૂચનાપત્રો પણ ટ્રસ્ટ ઉપર ઘણા આવી રહ્યાં છે. પૂજ્ય ગુરુદેવશ્રીની અનુપસ્થિતિમાં ઉજવાનાર શિક્ષણ-શિબિર, સમાધિ-મંદિર શિલાન્યાસ મહોત્સવ તથા ૯૨મી જન્મજયંતી મહોત્સવ ઘણી મોટી મુમુક્ષુસંખ્યામાં ઉજવાશે—એવો ઉત્સાહ દેખાઈ રહ્યો છે. × ×

## વિવિધ સમાચાર:—

* સોનગઢમાં દૈનિક કાર્યક્રમ મુજબ સવારે જિનેન્દ્ર-પૂજન, ત્યારબાદ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના ૧૩મી વખતના (૧૯૬૧ ના) પ્રવચનોનું ટેપરેકોર્ડિંગ. બપોરે બ્ર. શ્રી ચંદુભાઈનું વાંચન, ત્યારબાદ જિનેન્દ્રભક્તિ અને સાંજે શ્રી કળશટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના (૧૯૭૭ ના) પ્રવચનોનું ટેપ-રેકોર્ડિંગ ચાલે છે. તેમજ પૂજ્ય ગુરુદેવશ્રીની માસિક પુણ્યતિથિ વદ-૭ ના દિવસે સવારે સમૂહપૂજન તથા બપોરે પ્રવચન બાદ ગુરુભક્તિનો વિશેષ કાર્યક્રમ રાખવામાં આવે છે.

* * *

અધ્યાત્મતીર્થધામ સુવર્ણપુરીમાં નિર્મિત થનાર

(પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી સ્મારક યોજના અંતર્ગત)

### પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી સમાધિ-મંદિરનો

## શિલાન્યાસ-સમારોહ

જેમનાં અનંત અનંત અસાધારણ અહેતુક ઉપકારોની દિવ્ય ગાથાઓ મુમુક્ષુઓને પેઢી પરંપરાએ અનેક શતાબ્દિઓ સુધી ગવાતી રહેશે એવા આપણા આ દિવંગત કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીનો ઉપકાર-મહિમા આપણા હૃદયમાં નિત્ય અંકિત રહે. ઉપકૃતપણાની સંવેદના દેદીપ્યમાન જ્યોતિથી સદા પ્રજ્વલિત રહે અને આપણી ઉત્તરવર્તી પેઢીઓને પણ પૂજ્ય ગુરુદેવશ્રીના મુમુક્ષુજન કલ્યાણકારી મંગલમય દિવ્યપ્રભુત્વનો પરિચય તેમજ મહિમા હૃદયગત થાય એ પુનિત ભાવનાથી પૂજ્યશ્રીના સમાધિસ્થળે તેઓશ્રીના પાવન સ્મરણ પ્રતીકરૂપે એક ભવ્ય "સમાધિ-મંદિર" બાંધવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. તદનુસાર આ "સમાધિ મંદિર" નો શિલાન્યાસ વિધિ વિ. સં. ૨૦૩૭ શ્રાવણ વદ ૧ તા. ૧૬-૮-૮૧ રવિવારના દિને સવારના ૧૦-વાગ્યે રાખવામાં આવ્યો છે. આ પવિત્ર વિધિ નાઈરોબી નિવાસી નાઈરોબી મુમુક્ષુ મંડળના સભ્યો હરીયા પરિવાર વતી ભાઈશ્રી અમૃતલાલ વાલજી તથા સ્વ. શ્રી મેઘજીભાઈ નથુભાઈ માલદેના પરિવાર વતી ભાઈશ્રી હરખચંદ રાયચંદના શુભ હસ્તે કરવામાં આવશે. આ સમાધિ-મંદિરના શિલાન્યાસ વિધિના -ગુરુભક્તિ-પ્રતીકના પાવન પ્રસંગે આપ સૌને સહકુટુંબ તેમજ ગુરુભક્ત મિત્ર મંડળ સહિત પધારવાનું આમંત્રણ છે.

* * *

# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેન શ્રી ચંપાબેનનો
# ૬૮ મો જન્મ-જયંતી મહોત્સવ

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો અડસઠ્ઠમો જન્મ જયંતી મહોત્સવ વિ. સં. ૨૦૩૭ શ્રાવણ વદ ૨, સોમવાર તા. ૧૭-૮-૮૧ના રોજ સોનગઢ મુકામે શ્રી પંચ પરમેષ્ઠી મંડલ પૂજા વિધાન વગેરે અનેકવિધ કાર્યક્રમ સહિત સુંદર રીતે ઉજવવામાં આવશે. પૂ. કૃપાળુ ગુરુદેવશ્રીની અનુપસ્થિતિમાં પ્રથમવાર આ પ્રસંગ ઉજવવાનો હોવાથી આપણે સૌએ સાથે ઉલ્લાસ પૂર્વક ઉમંગથી ઉજવવાનો છે, તો સૌને સપરિવાર તથા સાધર્મી મંડળ સહિત પધારવાનું આમંત્રણ છે.

* * *

# સોનગઢમાં માત્ર પુરુષો માટે શિક્ષણ-શિબિરનું આયોજન

પ્રાતઃસ્મરણીય પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની ભવતાપશામિની મંગલ ઉપસ્થિતિમાં દર વર્ષ જે રીતે સોનગઢમાં શ્રાવણ માસમાં શિક્ષણ શિબિરનું આયોજન થતું હતું તે મુજબ આ સાલ પણ શ્રાવણ સુદ ૧૦ સોમવાર, તા ૧૦-૮-૮૧ થી શ્રાવણ વદ ૧૦ સોમવાર તા. ૨૪-૮-૮૧-એમ પંદર દિવસ માટે તે શિબિર રાખવામાં આવેલ છે. આ શિબિરમાં અધ્યાત્મ વીતરાગ-વિજ્ઞાનનું પઠન પાઠન કરાવવામાં આવશે. તદુપરાંત શિબિરમાં આવેલા અભ્યાસાર્થીઓને આ દિવસોમાં ટેપ-રેકોર્ડ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના શુદ્ધાત્મદ્રવ્યપ્રધાન વસ્તુસર્વાંગસ્પર્શી અધ્યાત્મરસભર પરમ અદ્‌ભુતવાણીનો તથા સમાગત વિદ્વાન પંડિત શ્રી લાલચંદભાઈ મોદી, પંડિત શ્રી ડૉ. પ્રવીણભાઈ દોશી, પં. શ્રી યુગલ-કીશોરજી કોટા, પં. શ્રી ડૉ. હુકમચંદજી ભારિલ્લ તથા પં. શ્રી જ્ઞાનચંદજી વિદિશા વગેરેના શાસ્ત્ર પ્રવચનોનો લાભ મળશે અધ્યાપન કાર્ય પં. શ્રી હુકમચંદજી તથા પંડિત શ્રી રતનચંદજી ભારિલ્લ વગેરે સંભાળશે. શિક્ષણ શિબિરમાં જઘન્ય, મધ્યમ અને ઉત્તમ એમ ત્રણ વર્ગ ચાલશે, તેમાં પાઠ્ય પુસ્તકો નીચે પ્રમાણે રહેશે.

**જઘન્યઃ**—શ્રી જૈનસિદ્ધાંત પ્રવેશિકા

**મધ્યમઃ**—શ્રી છહઢાળા, શ્રી દ્રવ્ય સંગ્રહ

**ઉત્તમઃ**—શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક

જેમની પાસે પાઠ્ય પુસ્તકો હોય તેમને તે સાથે લાવવા. શિબિરમાં આવનાર માટે ટ્રસ્ટ તરફથી રહેવા તથા જમવાની વ્યવસ્થા નિઃશુલ્ક કરવામાં આવશે. તો દરેકને શિબિરમાં પધારવાનું અમારું આમંત્રણ છે.

× × ×

# સોનગઢમાં ઉત્તમ ભોજનાલય માટે સુવ્યવસ્થિત આયોજન


સમસ્ત મુમુક્ષુઓની તેમ જ આપણી સંસ્થાની ઊંડી ભાવના છે કે પવિત્ર તીર્થધામ સોનગઢમાં પૂજ્ય ગુરુદેવની તપોભૂમિના દર્શનાદિનો લાભ લેવા માટે ભારતભરમાંથી નિરંતર જૈનધર્મપ્રેમી ભાઈ–બહેનો આવતાં રહે તે માટે આવનાર યાત્રિકોને રહેવાની સારી સગવડતા હોવા ઉપરાંત સારા પ્રકારના ભોજનની ઉત્તમ વ્યવસ્થા હોવી અત્યંત આવશ્યક છે. તે ભાવનાને અગ્રતાક્રમ આપીને સોનગઢમાં કાયમી ધોરણે ઉત્તમ ભોજનાલય માટે સુવ્યવસ્થિત આયોજન કરવાનું નક્કી કરવામાં આવેલ છે. આ માટે ભાઈ શ્રી પુનમચંદભાઈ મલુકચંદભાઈ શાહને મળવાનું થતાં તેઓએ આ ઉચ્ચભાવનાને વિના વિલંબે સાકાર બનાવવા સહકાર–સહયોગ આપવા હાર્દિક ભાવના વ્યક્ત કરી છે. તદુપરાંત સ્વ. ભાઈશ્રી મલુકચંદભાઈ છોટાલાલ શાહ કે જેઓએ સોનગઢમાં સ્થાયી રહીને આપણી સંસ્થાની ખૂબ જ સેવા કરી હતી તેમ જ ભોજનાલયની વ્યવસ્થા સંભાળી હતી અને તે માટે ખૂબ સેવા આપી હતી અને તેઓની જે ઊંડી ભાવના હતી તે ભાવનાને અનુરૂપ તેમના સુપુત્ર ભાઈશ્રી પુનમચંદભાઈ પોતાના કુટુંબીજનોના સાથ સહિત સ્વ. મલુકચંદભાઈના સ્મરણાર્થે એક ટ્રસ્ટનું નિર્માણ કરવાના છે અને તે ટ્રસ્ટની સોનગઢમાં રહેવાની તથા જમવાની સુંદર વ્યવસ્થા કરવામાં પોતાનો ઉદાર ફાળો આપી સેવા કરવાની તેઓની ભાવના છે. તે મુજબ ભાઈશ્રી પુનમચંદભાઈએ કેટલીક દરખાસ્તો રજુ કરી છે. તે દરખાસ્તો સોનગઢ ટ્રસ્ટની તા. ૧૬–૮–૮૧ ના મિટીંગમાં રજુ કરીને ભાઈશ્રી પુનમચંદભાઈની ભાવનાને સાકાર સ્વરૂપ આપવા સક્રિય વિચારણા કરવામાં આવશે ને થોડા વખતમાં ઉત્તમ ભોજનાલયની સુંદર વ્યવસ્થાની રૂપરેખા જાહેર કરવામાં આવશે.

* પૂજ્ય ગુરુદેવશ્રી પ્રવાસમાં જે મોટરકારનો ઉપયોગ કરતા હતા તે **મંગલ–વર્ધિની** મોટરકાર જેઓ પૂજ્ય ગુરુદેવશ્રીની સ્મૃતિરૂપે પોતે ખરીદ કરવા ઇચ્છતા હોય તે માટે તે મોટરકારની બોલી સોનગઢમાં તા. ૧૭–૮–૮૧ના રોજ રાખવામાં આવશે.

* સોનગઢમાં તા. ૨૦–૭–૮૧ના પ્રવચન બાદ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૬૮ મી જન્મજયંતી મહોત્સવના આમંત્રણની પત્રિકા ઉપર તેમ જ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી સમાધિ–મંદિરના શિલાન્યાસ સમારોહની પત્રિકા ઉપર મુરબ્બી પ્રમુખ શ્રી રામજીભાઈ દોશીના સુહસ્તે સ્વસ્તિક આલેખન કરવામાં આવ્યું હતું અને આ બન્ને પત્રિકાઓનું બ્ર. શ્રી ચંદુભાઈએ સભામાં વાંચન કર્યું હતું.

* અષ્ટાહ્નિકા પર્વ નિમિત્તે સ્વ. પ્રભાબેન મહેતા ( રાજકોટ )ના સ્મરણાર્થે સોનગઢમાં સમૂહપૂજા રાખવામાં આવી હતી.

[ અનુસંધાન પાનું ૩૫ ]



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

(૧) જે વિનય રહિત છે તેનો આગમ-અભ્યાસ વ્યર્થ છે. વિનય શાસ્ત્ર-અભ્યાસનું ફળ છે. પુણ્યોદયજન્ય સંસારિક સુખ તથા મોક્ષસુખ વિનયનું જ ફળ છે અથવા ગર્ભકલ્યાણ, જન્મકલ્યાણ, દીક્ષાકલ્યાણ, કેવળકલ્યાણ અને મોક્ષકલ્યાણ—આમ પાંચ કલ્યાણ જીવને વિનયથી જ પ્રાપ્ત થાય છે.


(શ્રી કુંદકુંદ આચાર્યદેવ, મૂલાચાર-પંચાચાર અધિકાર, ગાથા-૨૧૧.)

(૨) અનુપમ અને અદ્વિતીય એવી વાત છે કે નિત્ય-નિગોદવાસી અનાદિ મિથ્યાદષ્ટિ જીવો પણ ભરત ચક્રવર્તીના નવસો ત્રેવીસ પુત્રો કર્મોની નિર્જરા કરવાથી ઇન્દ્રગોપ થયા અને તેમના સમૂહ ઉપર ભરતના હાથીએ પગ મૂક્યો તેથી તે મરીને વર્ધનકુમાર વગેરે ભરતના પુત્રો થયા. તેઓ કોઈની સાથે બોલતાં ન હતાં, તેથી ભરતે સમવસરણમાં ભગવાનને પૂછ્યું ત્યારે ભગવાને તેમનું પૂર્વવૃત્તાંત કહ્યું; તે સાંભળીને તેમણે તપનું ગ્રહણ કર્યું અને બહુ થોડા સમયમાં મોક્ષ પામ્યા.

(શ્રી નેમિચન્દ્ર સિદ્ધાંતિદેવ, બૃહદ્-દ્રવ્ય સંગ્રહ, ગાથા-૩૫ ની ટીકામાંથી)

(૩) જે આત્મા પોતાની જાતને ઉત્કૃષ્ટ દેખે, તેની સાથે ક્રીડા કરે, તેના જ માટે હિતસ્વરૂપ રહે, તેનાથી જ તે સુખી થાય, તેનો જ સંબંધ તે પામે અને તેમાં જ તે સ્થિત થાય, તો તે આનંદરૂપ અમૃતનો સમુદ્ર બની જાય છે. અધિક શું કહેવું? સમસ્ત ઉપદેશોનું કેવળ આ જ રહસ્ય છે.

(શ્રી પદ્મનંદિ પંચવિંશતિ, ધર્મોપદેશામૃત, શ્લોક-૧૫૨)



અધ્યાત્મ-તીર્થધામ સુવર્ણપુરીમાં નિર્મિત થનાર
(ગુરુદેવ શ્રી કાનજીસ્વામી સ્મારકયોજના-અંતર્ગત)

# પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી-સમાધિમંદિર

સંપાદક : નાગરદાસ બી. મોદી તંત્રી : ડૉ. ચંદુભાઈ ટી. કામદાર પ્રત: ૨૫૦૦

પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ PIN : 364 250

મુદ્રક : મગનલાલ જૈન [ વાર્ષિક લવાજમ રૂા. ૯=૦૦ ]